*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

# * આત્મધર્મ *



સીમંધર જિનવર તણો લાવ્યા સુસંદેશ;
યુગ યુગ જીવો કહાનગુરુ, ભક્ત તણા હૃદયેશ.

# ❀ વિરલ સત્પુરુષ ❀

પૂર્વ મહાપુરુષોની શિષ્ય પ્રશિષ્ય પરંપરામાં તેઓના નિર્દોષ અને પવિત્ર માર્ગ વિશે પ્રવતર્તા એવા કોઇ કોઇ વિરલ સત્પુરુષ આ કઠણ કાળમાં આજે પણ પ્રત્યક્ષ મળી આવે છે. તે સત્પુરુષ કેવા છે? જેમ કુલાચલ પર્વત પૃથ્વીને ધારણ કરે છે છતાં પૃથ્વી પ્રત્યે નિર્મોહ છે, તેમ સત્પુરુષ પણ પૃથ્વીવાસી જીવોને તેમના જ હિત વિશે લગાવી તેમનું પોષણ કરે છે છતાં તે જીવો પ્રત્યે નિર્મોહ છે.

વળી તેઓ સમુદ્રની જેમ રત્નોના નિધિ છે. જેમ સમુદ્ર બહુમૂલ્ય મોતી આદી રત્નોની ખાણ છે છતાં વાંછા રહિત છે, તેમ સત્પુરુષ પણ સમ્યગ્દર્શનાદિક અનેક ગુણરત્નોની ખાણ છે અને વળી ધનાદિ વાંછા રહિત છે.

વળી આકાશની જેમ અલિપ્ત છે. આકાશ અન્ય સર્વ પદાર્થોથી અસ્પૃશ્ય અને અલિપ્ત છે, છતાં તેની વિભુતા અને પરમ મહત્તા તો એ છે કે તે સર્વ જગતનું વિશ્રાંતિ સ્થાન છે; અને એ જ તેનું વડપણ છે. તેમ સત્પુરુષ પણ સર્વ જગતના દુ:ખને દૂર કરવાનું ઠેકાણું છે છતાં તે સર્વ જગત અને જગતના ભાવોથી અલિપ્ત છે; એ જ એનું પરમ મહત્વ છે.

એવા કોઇ કોઇ વિરલ સત્પુરુષ આજે પણ મળી આવે છે.

( શ્રી આત્માનુશાસન )

તંત્રીઃ પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર

વીર સં. ૨૫૦૩, ચૈત્ર ( લવાજમ છ રૂપિયા ) વર્ષ ૩૪ઃ અંક ૬

* પૂજ્ય શ્રી કાનજીસ્વામી - ૮૮ મી જન્મ-જયંતી અંક *

# આત્માના જ્ઞાનનંદ સ્વરૂપની સ્વાનુભુતિયુક્ત સમ્યગ્દષ્ટિની આશ્ચર્યકારી અદ્‌ભૂત અંતરદશા




| | |
|---|---|
| ૧. સમ્યગ્દષ્ટિ | જ્ઞાનનંદસ્વભાવની અનુભૂતિ કરીને સિદ્ધભગવાનનો 'લઘુનંદન' થયો હોવાથી ધન્ય છે. |
| ૨. સમ્યગ્દષ્ટિ | સ્વાનુભવના બળે સિદ્ધભગવાનને ભેટી, તેમની નાતમાં ને જાતમાં ભળી, તેમના આંશિક સુખને આસ્વાદે છે. |
| ૩. સમ્યગ્દષ્ટિએ | અનંતા સિદ્ધોના હ્રદયને કળી લીધા હોવાથી દૃષ્ટિમાં તે સિદ્ધ થઇ ગયો છે. |
| ૪. સમ્યગ્દષ્ટિ | રાગથી માંડીને જગત આખાનો જ્ઞાતા છે, જેમ કેવળી ભગવાન જગતના જ્ઞાતા છે તેમ દૃષ્ટિ અપેક્ષાએ સમકિતી માત્ર જ્ઞાતા જ છે. |
| ૫. સમ્યગ્દષ્ટિ | તિર્યંચ દેડકો પણ ગણધરની જેવો પ્રતીતિવંત હોવાથી સમ્યક્‌ના પ્રતાપે પોતાને સિદ્ધ સમાન માને છે. |

| | |
|---|---|
| ૬. સમ્યગ્દષ્ટિ | ધર્માત્માના ચરણથી સ્પર્શાયેલી ધૂલી પણ પૂજ્યતાને પામે છે. |
| ૭. સમ્યગ્દષ્ટિ | ધર્માત્માના ચરણથી સ્પર્શાયેલી ભૂમિ તીર્થધામ બની જાય છે. |
| ૮. સમ્યગ્દર્શનના | પ્રતાપથી સિંહ, સર્પ આદિ ક્રૂર પ્રાણી પણ ક્રૂરતા છોડી સિદ્ધ સમાન આંશિક આનંદને અનુભવે છે. |
| ૯. સમ્યગ્દર્શનના | પ્રતાપથી ભીષણ વેદનામાં પડેલો નારકી પણ વેદનાના દુ:ખને ભૂલીને આનંદના અનુભવની ગટાગટી કરે છે. |
| ૧૦. સમ્યગ્દષ્ટિ | ચંડાળ પણ સ્વાનુભુતિના બળે પૂજ્યતાને પામે છે. |
| ૧૧. સમ્યગ્દર્શનના | પ્રતાપે ઇન્દ્રને પણ સ્વર્ગીય વિભૂતિથી ઉદાસ કરી દીધો છે, સ્વર્ગની દૈવી વિભૂતિમાં પણ તેનું ચિત્ત ચોંટતુ નથી. |
| ૧૨. સમ્યગ્દષ્ટિ | ગૃહસ્થ ભીષણ પ્રતિકૂળતામાં પણ આત્મિક આનંદની અનુકૂળતાને અનુભવે છે. |
| ૧૩. સમ્યગ્દષ્ટિ | ગૃહસ્થ ભોગોને પણ રોગવેદના સમાન દુ:ખરૂપે અનુભવે છે. |
| ૧૪. સમ્યગ્દષ્ટિ | ગૃહસ્થ રોગની ભયંકર વેદનાકાળે પણ આત્મિક આનંદને અંતરમા અનુભવે છે. |
| ૧૫. સમ્યગ્દષ્ટિ | બાહ્યથી નિર્ધન દેખાવા છતાં અંતરમાં મહાન સ્વરૂપલક્ષ્મીને સ્વામી હોવાથી મહાન લક્ષ્મીધર છે. |
| ૧૬. સમ્યગ્દર્શનનો | પ્રતાપ આશ્ચર્યકારી બાહ્ય વિભૂતિથી અલિપ્ત રાખી ( ભરત ચક્રવર્તિના દૃષ્ટાંતે ) અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટ કરાવે છે. |
| ૧૭. સમ્યગ્દર્શન | થતાં મિથ્યાત્વ-અનંતાનુબંધીરૂપ કરોડો રૂપિયાનું દેવું ચૂકવાઇ ગયું હોવાથી અસ્થિરતારૂપ માત્ર અડધા રૂપિયા જેટલું દેવું બાકી છે; તેની કાંઇ ગણતરી નથી. |
| ૧૮. સમ્યગ્દષ્ટિ | સ્વાધીનપણે પોતાના આનંદસ્વરૂપનો ભોગવટો કરનાર હોવાથી ખરેખર સ્વતંત્ર છે. અજ્ઞાની કર્મોદયને આધીન થતો હોવાથી બાહ્યમાં સ્વતંત્ર દેખાવા છતાં સ્વતંત્ર નથી પણ પરતંત્ર છે. |

૧૯. સમ્યગ્દર્શનના પ્રતાપથી, અંશે પણ વ્રત–પચખાણ આદિ ન હોવા છતાં શ્રેણિક મહારાજે તીર્થંકર ગોત્ર બાંધ્યું અને આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર થશે.

૨૦. સમ્યગ્દ્રષ્ટિ જ સર્વજ્ઞને યથાર્થ સ્વીકારે છે.

૨૧. સમ્યગ્દ્રષ્ટિને જ ક્રમબદ્ધ પર્યાયનું સાચું જ્ઞાન થાય છે.

૨૨. સમ્યગ્દ્રષ્ટિ જ અરહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયને યથાર્થ જાણે છે.

૨૩. સમ્યગ્દ્રષ્ટિ જ ઉપાદાન–નિમિત્તના સ્વરૂપને યથાર્થ જાણે છે.

૨૪. સમ્યગ્દ્રષ્ટિ જ નિશ્ચય–વ્યવહારધર્મના સ્વરૂપને યથાર્થ જાણે છે.

૨૫. સમ્યગ્દ્રષ્ટિ જ પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક પયાર્યની સ્વતંત્ર યોગ્યતાના સ્વરૂપને યથાર્થ જાણે છે.

૨૬. સમ્યગ્દ્રષ્ટિ જ ઉત્સર્ગમાર્ગ અને અપવાદમાર્ગની મૈત્રીને યથાર્થ સાધી શકે છે.

૨૭. સમ્યગ્દર્શનના પ્રતાપથી ચક્રવર્તી છ–ખંડની વિભૂતિ ને નાકના મેલ સમાન જાણી ક્ષણમાં છોડી શકે છે.

૨૮. સમ્યગ્દ્રષ્ટિ રાગને ગૌણ કરી પોતાને પ્રભુપણે દેખાતો હોવાથી બીજા જીવને પણ, તેને વર્તતો રાગ ગૌણ કરીને, પ્રભુપણે દેખે છે.

૨૯. સમ્યગ્દર્શન પ્રગટ થતા આનંદસ્વરૂપ આત્મા મધ્યબિંદુથી ઊછળે છે; પછી ભલે બાહ્યમાં મન મોળું પડે, ઇન્દ્રિયો શિથિલ થાય કે શરીર મોળું પડે પણ તેના આનંદને રોકવા જગતનો કોઇ પદાર્થ સમર્થ નથી.

૩૦. સમ્યગ્દ્રષ્ટિને જગતના વજ્રપાત સમાન ભયંકર ઉપદ્રવો પણ ભયવાન બનાવવા સમર્થ ન હોવાથી નિર્ભય છે.

૩૧. સમ્યગ્દ્રષ્ટિ ચૈતન્યસ્વરૂપને જ પોતાનો શાશ્વત લોક માનતો હોવાથી ચિદ્સ્વરૂપથી ભિન્ન આ લોક અને પર લોકના ભયથી રહિત છે.

પૂજ્ય શ્રી કાનજી સ્વામી

૮૮ મી જન્મ જયંતી

૩૨. સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાનાનંદસ્વરૂપનું સંવેદન કરતો હોવાથી, રોગની વેદનાને વેદતો ન હોવાથી તે વેદનાભયથી રહિત છે.

૩૩. સમ્યગ્દ્રષ્ટિ ચૈતન્યસ્વરૂપને સ્વતઃ રક્ષિત જાણતો હોવાથી તે અરક્ષાભય રહિત છે.

૩૪. સમ્યગ્દ્રષ્ટિ, વસ્તુનું સ્વરૂપ જ વસ્તુની પરમ ગુપ્તિરૂપ છે તેમ જાણતો હોવાથી, અગુપ્તિભય રહિત છે.

૩૫. સમ્યગ્દ્રષ્ટિ, આત્માના પ્રાણ નિશ્ચયથી જ્ઞાન છે અને જ્ઞાન સ્વયમેવ શાશ્વત છે તેમ જાણતો હોવાથી, મરણભય રહિત છે.

૩૬. સમ્યગ્દ્રષ્ટિ, જ્ઞાન સ્વતઃસિદ્ધ એક અચલ અનાદિ અનંત છે, તેમાં બીજાનો પ્રવેશ નથી તથા તેમાં કાંઇ અણધાર્યુ થતું નથી તેમ જાણતો હોવાથી, અકસ્માતભય રહિત છે.

૩૭. સમ્યગ્દ્રષ્ટિ પોતાના પૂર્ણાનંદસ્વરૂનો સ્વામી હોવાથી નિઃશંક છે.

૩૮. સમ્યગ્દ્રષ્ટિ પોતાના પૂર્ણાનંદસ્વરૂનો સ્વામી હોવાને લીધે કર્મફળોમાં વાંછા રહિત હોવાથી નિઃકાંક્ષ છે.

૩૯ સમ્યગ્દ્રષ્ટિ સર્વધર્મોનો સ્વરૂપને યથાર્થ જાણતો હોવાથી, ચારિત્ર–મોહના ઉદયથી થતાં ઈષ્ટ–અનિષ્ટ ભાવોનો કર્તા થતો ન હોવાથી અમૂઢદ્રષ્ટિ છે.

૪૦. સમ્યગ્દ્રષ્ટિને પોતાના પૂર્ણાનંદસ્વરૂપમાં પ્રીતિ હોવાને લીધે પરદ્રવ્યોના ધર્મો પ્રત્યે ગ્લાની રહિત હોવાથી તે નિર્વિચિકિત્સ ગુણધારી છે.

૪૧. સમ્યગ્દ્રષ્ટિ આત્મિક શક્તિમાં વૃદ્ધિ કરનારો હોવાથી ઉપબૃંહક અંગધારી છે.

૪૨. સમ્યગ્દ્રષ્ટિ પોતાને સ્વરૂપમાં સ્થિર કરનારો હોવાથી સ્થિતિકરણ અંગધારી છે.

૪૩. સમ્યગ્દ્રષ્ટિ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં અતિ પ્રીતિવંત હોવાથી વાત્સલ્ય અંગધારી છે.

પૂજ્ય શ્રી કાનજી સ્વામી

૮૮ મી જન્મજયંતી

| | |
|---|---|
| ૪૪. સમ્યગ્દ્રષ્ટિ | પોતાના આત્મધર્મને ફેલાવવા વડે પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી પ્રભાવના અંગધારી છે. |
| ૪૫. સમ્યગ્દર્શનનો | પ્રતાપ છ–ખંડની સાહ્યબીમાં રહેલા ચક્રવર્તીને પણ એ દૈવી વૈભવથી વિરક્ત–ઉદાસીન–વૈરાગી બનાવી દે છે. |
| ૪૬. સમ્યગ્દ્રષ્ટિ | સંસારના કાર્યો નોકરવત્ કરતો હોવાથી ગૃહસ્થાશ્રમમાં વિચિત્ર ઉદયભાવોનો સ્વામી થતો નથી. |
| ૪૭. સમ્યગ્દ્રષ્ટિને | બાહ્ય સામગ્રીનો ઉપભોગ બંધન કરી શકતો નથી, જેમ વિષપાન કરવા છતાં વૈદ્ય મરતો નથી. |
| ૪૮. સમ્યગ્દ્રષ્ટિ | કુટુંબનું પાલન–પોષણ કરતો દેખાવા છતાં ધાવમાતા સમાન મમતા રહિત છે. |
| ૪૯. સમ્યગ્દર્શન | પ્રાપ્ત થયા પછી ભવ બગડતો નથી, નીચ ગોત્રનો બંધ થતો નથી, સ્વર્ગ અને મનુષ્ય સિવાય બીજી ગતિમાં જતો નથી. |
| ૫૦. સમ્યગ્દ્રષ્ટિ | ક્રોધથી લડાઈ કરતો દેખાવા છતાં (રામ, પાંડવ આદિના દ્રષ્ટાંતે) ક્રોધથી ભિન્ન પોતાને અનુભવતો હોવાથી તથા ક્રોધ–પરિણામનો અકર્તા હોવાથી જ્ઞાતા છે. |
| ૫૧. સમ્યગ્દ્રષ્ટિ | શરીરબળ, ઐશ્વર્ય આદિનું માન કરતો દેખાવ છતાં માનકષાયથી ભિન્ન પોતાને અનુભવતો હોવાથી તથા માનકષાયનો અકર્તા હોવાથી જ્ઞાતા છે. |
| ૫૨. સમ્યગ્દ્રષ્ટિ | માયાકષાયમાં પ્રવર્તતો દેખાવ છતાં માયાકષાયથી ભિન્ન પોતાને અનુભવતો હોવાથી તથા માયાકષાયનો અકર્તા હોવાથી જ્ઞાતા છે. |
| ૫૩. સમ્યગ્દ્રષ્ટિ | લોભકષાયમાં પ્રવર્તતો દેખાવા છતાં લોભકષાયથી ભિન્ન પોતાને અનુભવતો હોવાથી તથા લોભકષાયનો અકર્તા હોવાથી જ્ઞાતા છે. |

૫૪. સમ્યગ્દ્રષ્ટિ રાગ, દ્વેષ, રતિ, અરતિ, હર્ષ, શોક, વેદ આદિ કષાયોના પ્રસંગમાં પ્રવર્તતો દેખાવા છતાં રાગ, દ્વેષ, રતિ, અરતિ, હર્ષ, શોક, વેદ આદિ કષાયભાવોથી ભિન્ન પોતાને અનુભવતો હોવાથી જ્ઞાતા છે.

૫૫. અહો! સમ્યગ્દર્શન એ તો અદ્ભૂત આશ્ચર્યકારી આત્માના શુદ્ધ પરિણામ છે. સમ્યગ્દર્શન પ્રગટ થતાં આત્મના પ્રદેશે પ્રદેશે આનંદનો જન્મ થાય છે, આત્માના અસંખ્ય પ્રદેશે આનંદતરંગો ઊછળે છે.

૫૬. સમ્યગ્દ્રષ્ટિ કંચન ને કાદવ સમાન જાણે છે, રાજગાદી ને નીચ પદ સરખી જાણે છે, મોટાઈને લીપવાની ગાર સમાન જાણે છે.

૫૭. સમ્યગ્દ્રષ્ટિ સંસારમાં દેખાવા છતાં સમ્યગ્દ્રષ્ટિમાં સંસાર નથી, જેમ સમુદ્રના જળ ઉપર નાવ છે પણ નાવમાં જળ નથી.

૫૮. સમ્યગ્દ્રષ્ટિ ઉપાદાનથી જ કાર્યની ઉત્પત્તિ માનતો હોવા છતાં નિમિત્ત–નૈમિત્તિક ભાવના ઘનિષ્ટ સંબંધનો વિવેક છે.

૫૯. સમ્યગ્દ્રષ્ટિ નિશ્ચયને જ મોક્ષમાર્ગ માનતો હોવા છતાં નિશ્ચય વ્યવહારધર્મના સુમેળનો વિવેક છે.

૬૦. સમ્યગ્દ્રષ્ટિ વ્યવહારમાં વર્તતો દેખાવા છતાં વ્યવહારથી મુક્ત છે અને નિશ્ચયમાં લીન છે.

૬૧. સમ્યગ્દ્રષ્ટિનો ઉપયોગ સ્વરૂપમાંથી બહાર જતો દેખાવા છતાં તે 'ઉપયોગ રહિત ચક્ષુ સમાન' હોવાથી તેને કેવળ સ્વ–ઉપયોગ છે.

૬૨. સમ્યગ્દ્રષ્ટિ કોઈથી સ્નેહ કરવાને મરણ સમાન જાણે છે, કીમીયા વગેરેને ઝેર સમાન જાણે છે, ઐશ્વર્યને અશાતા સમાન જાણે છે, જગતમાં પૂજ્યતા થવા આદિની હોંશને અનર્થ સમાન જાણે છે.

પૂજ્ય શ્રી કાનજી સ્વામી

૮૮ મી જન્મ જયન્તી

૬૩. સમ્યગ્દ્રષ્ટિ જીવસ્થાનમાં, માર્ગણાસ્થાનમાં કે ગુણસ્થાનમાં પોતાને વર્તતો જાણવા છતાં એ બધા ભાવોથી રહિતપણે પોતાને અનુભવે છે.

૬૪. સમ્યગ્દ્રષ્ટિ દ્રષ્ટિમાં પોતાને મુક્ત સ્વરૂપે અનુભવતો હોવા છતાં વ્યવહારરત્નત્રયના સૂક્ષ્મ રાગના કણને પણ જ્ઞાનમાં કષાયકણ જાણવાનું ભૂલતો નથી.

૬૫. સમ્યગ્દ્રષ્ટિ દેવ-મનુષ્ય-તિર્યંચ કે નારકી હોવા છતાં પણ કેવળ આત્માને અનુભવતો હોવાથી કેવળી છે.

૬૬. સમ્યગ્દર્શન એ સૌથી પહેલામાં પહેલો ધર્મ છે અને મોક્ષનું મૂળ છે; મિથ્યાદર્શન એ મોટામાં મોટું પાપ છે અને સંસારભ્રમણાનું મૂળ છે.

૬૭. સમ્યગ્દર્શન જ સ્વરૂપ સ્થિરતારૂપ ચારિત્રપરિણામના વિકાસનું કારણ છે.

૬૮. સમ્યગ્દ્રષ્ટિ ઔદારિક કાયાને રાખ સમાન જાણે છે, કુટુંબના કાર્યને કાળ ( મૃત્યુ ) સમાન જાણે છે, ઘરવાસને ભાલા સમાન જાણે છે, જગતના ભોગ-વિલાસને મુંઝાવારૂપ જાળ સમાન જાણે છે.

૬૯. સમ્યગ્દર્શન વિના પંચમહાવ્રત અને શુક્લ લેશ્યાના પરિણામ વ્યવહારચારિત્ર નામ પણ પામતા નથી.

૭૦. સમ્યગ્દર્શન વિના અગિયાર અંગનું વિશાળ જ્ઞાન પણ સમ્યક્જ્ઞાન નામ પામતું નથી.

૭૧. સમ્યગ્દ્રષ્ટિ, ચક્રવર્તીની સંપદા તથા ઇન્દ્રના ભોગને કાગડાની વિષ્ટા સમાન જાણે છે.

૭૨. સમ્યગ્દ્રષ્ટિ ઉદયભાવોને તમાસગીર થઈને માત્ર દેખનારો છે.

૭૩. સમ્યગ્દ્રષ્ટિ પરનું કાર્ય કરવા માટે પાંગળો છે અને પોતાનું કાર્ય -કેવળજ્ઞાન અંતર્મુહૂર્તમાં પ્રગટ કરે તેવો પ્રભુ છે.

૭૪. સમ્યગ્દ્રષ્ટિ થઈ એટલે ચૈતન્યમહેલનો કબજો મળી ગયો, હવે માત્ર અસ્થિરતાનો જે કચરો છે તે કાઢતાં પરમ વિશ્રાંતિ પામે છે.

૭૫. સમ્યગ્દ્રષ્ટિ લોકમાં લાજ વધારવાની ઇચ્છાને મુખની લાળ સમાન જાણે છે, લોકમાં કીર્તિ ફેલાવાની ઇચ્છાને નાકના મેલ સમાન જાણે છે અને પુણ્યના ઉદયને વિષ્ટા સમાન જાણે છે.

૭૬. સમ્યગ્દ્રષ્ટિએ અબદ્ધસ્પૃષ્ટ આત્માને પોતાના શુદ્ધોપયોગમાં અનુભવ્યો હોવાથી તેણે સકલ જૈનશાસનને દેખ્યું અને અનુભવ્યું છે.

૭૭. સમ્યગ્દ્રષ્ટિ નિજ પૂર્ણ સ્વરૂપનો ઉપયોગ કરનાર હોવાથી નિત્ય સુખી છે; રાગાદિ પર સ્વરૂપનો ઉપયોગ કરનાર મિથ્યાદ્રષ્ટિ નિત્યદુઃખી છે.

૭૮. સમ્યગ્દ્રષ્ટિ મનુષ્ય અશાતાવાળો હોય, તિર્યંચ હોય કે નારકી હોય તોપણ તે ખરેખર પુણ્યાત્મા છે, પુણ્યશાળી છે; મિથ્યાદ્રષ્ટિ પુણ્યશાળી દેખાવા છતાં પાપશાળી છે, પાપાત્મા છે.

૭૯. સમ્યગ્દ્રષ્ટિને ચૈતન્યસ્વભાવમાં જ તીવ્ર આસક્તિ હોવાથી ઇન્દ્ર અને ચક્રવર્તીના દૈવી ભોગ–ઉપભોગમાં પણ તે આસક્ત થતો નથી, જગતના વૈભવમાં ક્યાંય તેનું મન લાગતું નથી.

૮૦. સમ્યગ્દર્શન સહિત તપ વડે જે કર્મો અંતર્મુહૂર્તમાં લીલામાત્રથી નાશ થાય છે તે કર્મોને સમ્યગ્દર્શન વિના અજ્ઞાની લાખ–કરોડ ભવ તપ કરવા છતાં પણ નાશ કરી શકતો નથી.

૮૧. અહો ! સમ્યગ્દ્રષ્ટિએ કેવી આશ્ચર્યકારી, અદ્‌ભૂત, અચિંત્ય, સર્વોત્કૃષ્ટ વસ્તુને કબજે કરી લીધી છે કે જેના સામર્થ્યથી અસંખ્યાત લોકપ્રમાણ મોહ–રાગ દ્વેષરૂપી બળવાન યોદ્ધાઓને અલ્પકાળમાં જીતીને સાક્ષાત્ સિદ્ધ થઈ જાય છે.

૮૨. સમ્યગ્દર્શન થયું એટલે ભવનો અંત આવ્યો, આત્મિક આનંદનો ખજાનો હાથ આવ્યો અને મોક્ષનો પંથ શરૂ થયો.

પૂજ્ય શ્રી કાનજી સ્વામી 卐 卐 卐

૮૩. સમ્યગ્દર્શન વિનાની શુભરાગની બધી ક્રિયાઓ રણમાં પોક મુકવા સમાન આત્મહિત માટે નિરર્થક છે, અને દુઃખ માટે સાર્થક છે.

૮૪. સમ્યગ્દર્શનના પ્રતાપથી સર્વોત્કૃષ્ટ પુણ્ય બંધાઈને તીર્થંકર, ચક્રવર્તી, બળભદ્ર, વાસુદેવ, પ્રતિવાસુદેવ રૂપે મોક્ષગામી ત્રેસઠ શલાકા પુરુષપણે થાય છે.

૮૫. સમ્યગ્દ્રષ્ટિ ચાલતો હોવા છતાં સ્થિર છે, બોલતો હોવા છતાં મૌન છે, આહાર કરતો હોવા છતાં અણ–આહારી છે, શરીર સહિત દેખાવા છતાં શરીર રહિત છે–આવી અનેક આશ્ચર્યકારી દશાવંત સમ્યગ્દ્રષ્ટિ ધન્ય છે.

૮૬. સમ્યગ્દર્શનમાં વિશ્વાસનું જે જોર છે, પ્રતીતિનું જે જોર છે તે આત્માને અલ્પકાળમાં મોક્ષ પમાડે છે.

૮૭. સમ્યગ્દ્રષ્ટિ ધ્રુવ ચિદ્ધામસ્વરૂપ ધ્યેયના ધ્યાનની ધૂણી ધૈર્યયુક્ત ધગશથી ધખાવવારૂપ ધર્મનો ધારક હોવાથી ધન્ય છે.

૮૮. સમ્યગ્દર્શનરૂપી અપૂર્વ ધર્મ પ્રગટ કરવા માટે ભગવાન આત્મા અનંત અંનત શક્તિઓનું સંગ્રહાલય છે, અનંત અનંત ગુણોનું ગોદામ છે, વીતરાગીમૂર્તિ છે – એવી પરમાર્થ સ્વરૂપ જીવની દ્રષ્ટિ કરવી.

## * સમ્યગ્જ્ઞાનકળાને વિસ્તારતા જ્ઞાની *

પરમ અધ્યાત્મભાવને જાણવાવાળા પ્રજ્ઞાવંત પુરુષો વારંવાર સમ્યગ્જ્ઞાનરૂપ કલાને વિસ્તારતા પદાર્થસ્વરૂપને જેમ છે તેમ યથાર્થ જોતાં શ્રદ્ધતા રાગ–દ્વેષને દૂર કરી નિરંતર શુદ્ધાત્મતત્ત્વનું ચિંતવન કરે છે. ( આત્માનુશાસન )

૮૮ મી જન્મ જયન્તી

# * યુગસ્રષ્ટા શ્રી કાનજીસ્વામી *

પૂજ્ય શ્રી કાનજીસ્વામી

૮૮ મી જન્મ જયંતી

[ પંડિત શ્રી હિંમતલાલ જે. શાહ, B. Sc. સોનગઢ ]

કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનું અપાર મહાત્મ્ય છે. પરમોપકારી ગુરુદેવ શ્રી કાનજીસ્વામી ઘણા વર્ષો પહેલાં રાજકોટમાં શ્રીમદ્ રાજચંદ્રજીની જયંતી પ્રસંગે કહ્યું હતું કે 'સમ્યગ્દ્રષ્ટિ બળદની ખરી જે વિષ્ટા ઉપર પડે તે વિષ્ટા પણ ધન્ય છે.' પ્રત્યેક પદાર્થને પોતાના સ્પર્શ માત્રથી ધન્ય બનાવનાર સમ્યગ્દ્રષ્ટિ મહાપુરુષની ૮૮ મી જન્મ-જયંતી ઉજવવાનો આજનો પ્રસંગ આપણા માટે અતિ આનંદોલ્લાસનો પ્રસંગ છે. ગુરુદેવનું આંતરિક જીવન ભેદજ્ઞાનમય પરમ પવિત્ર હોવા ઉપરાંત બાહ્યમાં પણ તેમને આશ્ચર્યકારક પરમોપકારી પ્રભાવનાયોગ્ય વર્તે છે, જેને લીધે ભારતવર્ષમાં એક આધ્યાત્મિક યુગ પ્રવર્ત્યો છે.

'સમયસાર પ્રવચનો' ની પ્રસ્તાવનામાં પોતાને માટે 'યુગપ્રધાન' શબ્દ લખાયેલો વાંચીને ગુરુદેવે નિર્માનતાને લીધે કહ્યું હતું કે, 'મારે માટે બહુ મોટો શબ્દ લખી નાંખ્યો છે. ' પરંતુ ત્યાર પછી થોડા જ વખતમાં પંડિત લાલનજીએ કંઈક વાતથી ઉલ્લાસ આવી જતાં કહ્યું હતું કે 'ગુરુદેવ, આપ યુગપ્રધાન નથી પણ યુગસ્રષ્ટા છો.' આ રીતે પંડીત લાલનજીને ગુરુદેવને માટે 'યુગપ્રધાન' શબ્દ મોટો નહિ પણ નાનો લાગ્યો હતો; 'યુગસ્રષ્ટા' શબ્દ જ યોગ્ય લાગ્યો હતો. ખરેખર પૂ. ગુરુદેવે આ કાળમાં જ્ઞાનમૂર્તિ આત્માનો, સમ્યગ્દર્શનના મહિમાનો, નિશ્ચયનયની મુખ્યતાનો, દ્રવ્યના સંપૂર્ણ સ્વાતંત્ર્યનો, ઉપાદાન-નિમિત્તના યથાર્થ તત્ત્વજ્ઞાનનો, આધ્યાત્મિક વસ્તુ વિજ્ઞાનનો અને સમયસારનો યુગ સર્જ્યો છે.


ઘણા કાળથી લોકો ધર્મપ્રકૃતિના જ્ઞાનને જ્ઞાન સમજતાં, આત્મશ્રદ્ધા વિનાની 'વીતરાગે કહેલો માર્ગ સાચો છે' એવી આંધળી શ્રદ્ધાને સમ્યગ્દર્શન સમજતાં, ઉપવાસાદિ દૈહિક કષ્ટને ચારિત્ર સમજતાં, જેમ ભીનું

[ અનુસંધાન જુઓ પાનું ૩૬ ]

પૂજ્ય શ્રી કાનજી સ્વામી 卐 卐 卐

卐 卐 卐 ૮૮મી જન્મજયન્તી

## વિદેહનાં કિરણો ભરતમાં



મુમુક્ષુઓને મધુરી પ્રેરણા જગાડનારા આ ચિત્રમાં સીમંધર ભગવાનની ધર્મસભાનું વિદેહક્ષેત્રનું દૃશ્ય છે–જેમાં રાજકુમાર વગેરે અનેક શ્રોતાઓ ભક્તિપૂર્વક ભગવાનની દિવ્ય વાણીનું શ્રવણ કરી રહ્યાં છે....વચ્ચે કુંદકુંદાચાર્યદેવ ભગવાન સીમંધરનાથનો એ સંદેશો ઝીલી રહ્યા છે ને પૂજ્ય ગુરુદેવ દ્વારા આ ભરતક્ષેત્રના ભવ્ય જીવોને એ આધ્યાત્મિક સંદેશ મળી રહ્યો છે. શ્રોતાજનો બહુમાન પૂર્વક ધર્મશ્રવણ કરી રહ્યા છે. અહા ! વિદેહના કિરણો ભરતમાં આવ્યા... એ પ્રસંગ ખરેખર આનંદકારી છે. હૃદયની લાગણીથી પૂજ્ય ગુરુદેવ ઘણીવાર કહે છે કે ‘સીમંધરપરમાત્માનો અમારા ઉપર મોટો ઉપકાર છે.’

## અષ્ટ-દ્રવ્યકર્મ તથા અષ્ટ-ભાવકર્મના નાશક

## પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક - વચનામૃત

૧. પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.

૨. શુભાશુભ પરિણામનું સ્વામિત્વ તે મિથ્યાદર્શન છે.

૩. દર્શનશુદ્ધિથી જ ( નિજ શુદ્ધાત્માની શ્રદ્ધાથી જ ) આત્મસિદ્ધિ.

૪. આત્મા 'જ્ઞ' સ્વભાવી હોવાથી સ્વભાવ-અપેક્ષાએ તો રાગાદિ વિભાવોનો પણ જ્ઞાયક જ છે, કર્તા નથી.

૫. ધ્રુવ ચિદ્ધામસ્વરૂપ ધ્યેયના ધ્યાનની ધૂણી ધૈર્યયુક્ત ધગશથી ધખાવવારૂપ ધર્મના ધારક ધર્માત્મા ધન્ય છે.

૬. શરીરાદિ પરદ્રવ્યની ક્રિયાથી બંધ-મોક્ષ થતા નથી; શુભાશુભ રાગથી બંધ થાય છે; આત્માના શુદ્ધભાવથી જ ધર્મ તથા મોક્ષ થાય છે.

૭. પરદ્રવ્યની પૃથક્તા, વિભાવની વિપરીતતા અને સ્વભાવની સમર્થતા જાણી, સ્વભાવસન્મુખ ઢળતાં સુખશાંતિના બીજરૂપ સમ્યગ્દર્શન પ્રગટે છે.

૮. જૈનદર્શન તે વેષ કે સંપ્રદાય નથી. પ્રત્યેક જીવની શક્તિ પરમાત્મસ્વરૂપ છે-એમ બતાવનાર ધર્મને જૈનદર્શન કહો, વિશ્વદર્શન કહો, વસ્તુદર્શન કહો કે આત્મદર્શન કહો – બધું એક જ છે.

પૂજ્ય શ્રી કાનજી સ્વામી 卐 卐 卐

# અષ્ટ-દ્રવ્યકર્મ તથા અષ્ટ-ભાવકર્મના નાશક

## પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક - વચનામૃત

卐 卐 卐 ૮૮ મી જન્મ જયન્તી

૧. ચેતનપદાર્થની ક્રિયા ચેતનમાં હોય, જડમાં ન હોય.

૨. આ દુર્લભ માનવભવ ભવના અભાવ માટે છે.

૩. દ્રવ્યદૃષ્ટિ ( નિજ શુદ્ધ આત્મદ્રવ્યની શ્રદ્ધા ) તે જ સમ્યગ્દૃષ્ટિ છે.

૪. હે ભવ્ય! તારા ચૈતન્યસ્વભાવની આશાતના ન થાય અને આરાધના થાય તેમ કર.


૫. હું એક અખંડ જ્ઞાયકમૂર્તિ છું, વિકલ્પનો એક અંશ પણ મારો નથી–એવો સ્વાશ્રયભાવ રહે તે મુક્તિનું કારણ છે.

૬. પરમાંથી સુખ લેવાની બુદ્ધિવાળા દેવ સ્વર્ગમાં પણ દુઃખી છે અને પોતામાંથી જ સુખ લેવાની સદ્‌બુદ્ધિવાળો નારકી નરકમાં પણ સુખી છે.

૭. સમ્યગ્દર્શન પ્રગટ થતાં આત્માના પ્રદેશે પ્રદેશે આનંદનો જન્મ થાય છે, આત્માના અસંખ્ય પ્રદેશે આનંદતરંગો ઊછળે છે.

૮. જૈનધર્મમાં ભગવાન મહાવીરે સ્વ અને પરની ભિન્નતાનાં મૂળ મંત્રો આપ્યાં છે, સ્વ અને પરની ભિન્નતા સમજવી તે જ આ મનુષ્યજીવનની સાર્થકતા છે.

# વર્ષીતપનું પારણું



આઠ ભવના ગાઢ સ્નેહી શ્રી ઋષભદેવ અને શ્રેયાંસકુમારના સંબંધનો આ પ્રસંગ છે.

વૈશાખ સુદ બીજની રાતે શ્રેયાંસકુમારને સ્વપ્ન આવ્યું કે અહા! મારે આંગણે કલ્પવૃક્ષ આવ્યું છે! દેવો મારા આંગણે વાજા વગાડે છે, પુષ્પવૃષ્ટિ થાય છે... ઇત્યાદિ મહામંગલ સ્વપ્નથી શ્રેયાંસકુમાર અતિ પ્રસન્ન થાય છે.

વૈશાખ સુદ ત્રીજના દિવસે ભોજન સમયે એક મહાન યોગીરાજ ચૈતન્યના પ્રતપનમાં મસ્ત ચાલ્યા આવે છે. આત્મસાધનામાં મસ્ત એ યોગીરાજને એક વર્ષ ઉપવાસ થઈ ચૂકયા છે. એ છે મહા સંત આદિનાથ મુનિરાજ!

તેમને જોતાં જ શ્રેયાંસકુમારને તેમની સાથેના ભવોભવના સંસ્કાર તાજા થાય છે, તેમની સાથે મુનિવરોને દીધેલા આહારદાનનું સ્મરણ થાય છે.

વર્ષ ઉપરાંતના તપસ્વી યોગીરાજને પોતાને આંગણે પરમ ભક્તિથી વિધિપૂર્વક પડગાહન કરીને, નવધાભક્તિથી શેરડીના રસનું આહારદાન કરે છે.

ભરતક્ષેત્રમાં આ ચોવીસીમાં મુનિરાજને આહારદાન દેવાનો એ પ્રસંગ અસંખ્ય વર્ષોના આંતરે પહેલવહેલો બન્યો. ભરતચક્રવર્તી જેવાએ ભક્તિથી તેની અનુમોદના કરી... ને પછી શ્રેયાંસકુમાર દીક્ષિત થઈને ભગવાન આદિનાથના ગણધર બન્યા... ને છેવટે અક્ષયપદ પામ્યા...

એ છે અક્ષયત્રીજનો ટૂંકો ઇતિહાસ.

પૂજ્ય શ્રી કાનજીસ્વામી

૮૮મી જન્મજયંતી

# ઉપયોગભૂમિમાં રાગાદિને નહીં ધારનાર ધર્માત્મા ધન્ય છે

સમ્યગ્દ્રષ્ટિ ઉપયોગમાં રાગાદિ કરતો નથી એટલે કે પરિપૂર્ણ શુદ્ધ જ્ઞાયકભાવ છું–એવી પ્રતીતિ અને અનુભવ થયો હોવાથી જ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવમાં રાગને એકરૂપ કરતો નથી, રાગમાં જોડાણ કરતો નથી. સમ્યગ્દ્રષ્ટિને ધર્મની દ્રષ્ટિ થઈ છે તેથી રાગમાં જોડાણ કરતો નથી. ઉપયોગમાં રાગાદિનો ભેદ જાણી રાગાદિનો સ્વામી થતો નથી. અતીન્દ્રિય આનંદનો સ્વામી થયો ત્યાં રાગાદિ જે દુઃખરૂપ છે તેનો સ્વામી કેમ થાય? એ રીતે ઉપયોગમાં રાગાદિને એક નહીં કરતો હોવાથી જ્ઞાની કર્મરજથી લેપાતો નથી, બંધાતો નથી એ વાત આચાર્ય મહારાજ અહીં સમજાવે છે.

[ તા. ૫-૨-૭૭, શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી ]

જેવી રીતે વળી તે જ નર તે તેલ સર્વ દૂરે કરી,
વ્યાયામ કરતો શસ્ત્રથી બહુ રજભર્યા સ્થાને રહી; ૨૪૨.

વળી તાડ, કદળી, વાંસ આદિ છિન્નભિન્ન કરે અને
ઉપઘાત તેહ સચિત્ત તેમ અચિત્ત દ્રવ્ય તણો કરે. ૨૪૩.

બહુ જાતનાં કરણો વડે ઉપઘાત કરતા તેહને,
નિશ્ચય થકી ચિંતન કરો, રંજબંધ નહિ શું કારણે? ૨૪૪.

એમ જાણવું નિશ્ચય થકી–ચીકણાઈ જે તે નર વિષે
રજબંધકારણ તે જ છે, નહિ કાયચેષ્ટા શેષ જે. ૨૪૫.

યોગો વિવિધમાં વર્તતો એ રીત સમ્યગ્દ્રષ્ટિ જે,
રાગાદિ ઉપયોગે જ કરતો રજથી નવ લેપાય તે. ૨૪૬.

આનાદિ અનંત અપરિમિત જ્ઞાયકસ્વભાવનો જ્યાં આશ્રય થયો, જેણે ભગવાન સાથે સંબંધ કર્યો તે રાગ સાથે સંબંધ કરતો નથી, માટે તે કર્મથી બંધાતો નથી. પહેલા મિથ્યાદ્રષ્ટિ હતો તે સમ્યગ્દ્રષ્ટિ થતાં કર્મથી બંધાતો નથી એ વાત દ્રષ્ટાંત દ્વારા અહીં સમજાવવામાં આવી છે.

જેવી રીતે તે જ પુરુષ એટલે કે પહેલા જેણે તેલ આદિ ચીકાશયુક્ત પદાર્થનું મર્દન કરેલ તે જ પુરુષ હવે સમસ્ત ચીકાશને દૂર કરીને, બહુ રજથી ભરેલી ભૂમિમાં ભિન્નભિન્ન પ્રકારનાં શસ્ત્ર સાધનો વડે ક્રિયા કરતો થકો સચિત્ત તેમ જ અચિત્ત પદાર્થોના ઘાત કરે છે છતાં રજથી લેપાતો નથી. અહીં સિદ્ધાંત સમજાવવા દ્રષ્ટાંત છે તેથી દ્રષ્ટાંતનો એક અંશ લેવાય. પરંતુ દ્રષ્ટાંતથી એમ ન સમજવું કે શરીરની, શસ્ત્ર સાધનોની ક્રિયા જીવ કરી શકે છે કે સચિત્ત–અચિત્ત પદાર્થનો ઘાત કરી શકે છે. અહીં તો એટલું કહેવું છે કે બાહ્યમાં આવી ક્રિયાદિ હોવા છતાં તથા રજથી ભરેલી ભૂમિ હોવા છતાં તે પુરુષ રજથી લેપાતો નથી. કારણકે રજથી લેપાવાનું કારણ જે તેલ આદિ ચીકાશયુક્ત પદાર્થનું મર્દન તેને તો તે પુરુષે દૂર કર્યા છે; માટે ચીકાશથી રહિત પુરુષ રજથી લેપાતો નથી.

અહીં સમ્યગ્દ્રષ્ટિનું મહાત્મ્ય બતાવે છે. અજ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવમાં રાગને એકપણે કરતો હતો અને તે જ્ઞાની થતાં પોતાના જ્ઞાનસ્વભાવમાં રાગને એકપણે કરતો નથી, આટલો મોટો તફાવત છે. દ્રષ્ટાંત ઉપરથી સિદ્ધિાંત સમજાવે છે કે તેવી રીતે સમ્યગ્દ્રષ્ટિ પોતામાં રાગાદિકને નહીં કરતો હોવાથી, કર્મયોગ્ય પરમાણુઓથી ભરેલા લોકમાં મન–વચન તથા કાયાની ક્રિયા કરે છે તેમ જ ભિન્ન ભિન્ન કરણો વડે સચિત્ત–અચિત્ત વસ્તુઓનો ઘાત કરે છે તોપણ કર્મથી બંધાતો નથી.

સમ્યગ્દ્રષ્ટિ મન–વચન–કાયાની ક્રિયા કરી શકે છે કે પરદ્રવ્યના ઘાતની ક્રિયા કરી શકે છે તે વાત અહીં છે જ નહીં, અહીં તો એમ કહેવું છે કે સમ્યગ્દ્રષ્ટિ થતાં બાહ્યમાં તે બધું હોવા છતાં હવે તે કર્મથી બંધાતો નથી. કેમ કે કર્મ બંધનું કારણ એવા રાગમાં જોડાણનો તેને અભાવ વર્તે છે. સમ્યગ્જ્ઞાનના ભાનમાં જ્ઞાની જ્ઞાનનું જોડાણ રાગ સાથે કરતો નથી. સમ્યગ્દ્રષ્ટિ ચક્રવર્તી લડાઈ કરતો હોય તોપણ તે અસ્થિરતાના રાગ સાથે જોડાણ કરતો નથી. ધર્મીને સ્વભાવ સાથે સંબંધ થયો છે તેથી તેને રાગનો સંબંધ છૂટી ગયો છે, વ્યવહારરત્નત્રયના રાગનો સંબંધ છૂટી ગયો છે.

પ્રશ્ન :–તો વ્યવહારરત્નત્રયનો રાગ કયા ખાતામાં આવે ?

સમાધાન :–તેને અચેતનના ખાતામાં ખતવવો, ભગવાનના ખાતામાં તે ન આવે.

ધર્મીને રાગ સાથે સંબંધ નથી તેથી તેને બંધ નથી અને અજ્ઞાની ભલે બધું છોડીને ત્યાગી થયો હોય પણ રાગ સાથે સંબંધ છે તેથી તેને બંધ છે. જેને રાગ સાથે સંબંધ છે તે વ્યભિચારી છે અને જેને રાગ સાથે સંબંધ નથી તે અવ્યભિચારી છે. પરંતુ જીવોએ આ વાત સાંભળી નથી ને બહારના વ્રત–તપાદિમાં રોકાઈ જાય છે. ધર્મી વ્યવહારરત્નત્રયના રાગમાં રોકાયો નથી, વ્યવહારરત્નત્રયનો રાગ હોવા છતાં ધર્મીને તેની સાથે સંબંધ નથી. કેમ કે ધર્મીએ તો અનંત આનંદ આદિ અબંધ સ્વભાવ સાથે સંબંધ કર્યો છે, તે બંધ સ્વભાવ સાથે સંબંધ કેમ કરે ?

ભાઈ ! સમ્યગ્દર્શન એટલે શું વાત ! સમ્યગ્દર્શનને સંસારના મૂળ ઉખાડી નાખ્યા છે, પાંદડા રહ્યાં તેની ગણતરી શું ! તેથી મૂળ વિનાના પાંદડા સમાન અસ્થિરતાના રાગને અહીં ગણ્યો જ નથી. ધર્મીને વીતરાગતા સાથે સંબંધ થયો છે તે રાગ સાથે સંબંધ કેમ કરે ? રાગ સાથે જે સંબંધ કરે તેને મિથ્યાત્વનો બંધ થાય. ધર્મીને દયા–દાન આદિનો વિકલ્પ ઊઠે તેને કરતો તો નથી પણ સંબંધ પણ કરતો નથી. આવી વાત છે. અરે ! ભગવાનનો માર્ગ આવો છે પણ લોકોએ એ વાત સાંભળી નથી.

ધર્મીને પર્યાયમાં નબળાઈને લઈને રાગાદિ થાય છે પણ દ્રવ્યસ્વભાવના સંબંધને લઈને રાગાદિ સાથે સંબંધ કરતો નથી. અરે, ભાઈ ! તને ખબર નથી, જેણે ત્રણલોકના નાથ આનંદકંદ પ્રભુ સાથે સંબંધ કર્યો છે તે દુઃખ સાથે સંબંધ કેમ કરે ? પરમાર્થે જોઈએ તો ભગવાન રાગાદિનો સ્વામી નથી તો તેનો સંબંધ કેમ કરે ? સ્વ–સ્વામી–સંબંધ નામનો ગુણ છે તેથી તે પોતાના દ્રવ્યગુણ અને શુદ્ધ પર્યાય સાથે સંબંધ કરે છે, પણ તેમાં–સ્વમાં પર ક્યાં છે કે જેથી તેની સાથે સંબંધ કરે ? દ્રવ્ય–ગુણ અને નિર્મળ પર્યાય તે તેનું સ્વ છે ને તેનો તે સ્વામી છે માટે ધર્મી તેનો સંબંધ કરે, પણ વ્યવહારરત્નત્રય સાથે સ્વ – સ્વામી – સંબંધ ન હોવાથી જ્ઞાની તેની સાથે કેમ સંબંધ કરે ? માટે ધર્મીને રાગનો યોગ ન હોવાથી તેને બંધનો અભાવ છે.

શુભરાગનો વિકલ્પ હો, પણ તેનો સંબંધ તે બંધનું કારણ છે. રાગનો સંબંધ તે મિથ્યાત્વની ગાંઠ છે. એ ગાંઠ જેણે ગાળી નાખી છે તેને રાગનો સંબંધ નથી અને જેને રાગનો સંબંધ નથી તેને બંધનો અભાવ છે. ભાઈ ! માર્ગ તો આ જ છે; જેને આ સાંભળતાં હકાર આવે તેને અંદરમાં બેસશે.

ધર્મીને બહારથી રાગ દેખાય, સચેત–અચેતનો ઘાત દેખાય. અરે! લડાઈમાં શત્રુ, હાથી –ઘોડા આદિનો ઘાત દેખાય છતાં રાગના સંબંધનો અભાવ હોવાથી તેને બંધનો અભાવ છે. આ વાત બહુ ગંભીર છે, સ્વચ્છંદ પોષવાની વાત નથી, આ વાત જેને અંદરમાં બેસે તે ન્યાલ થઈ જાય એવી આ વાત છે. સચેત–અચેતનો ઘાત મન–વચન–કાયાની ક્રિયા, પાંચ–ઇન્દ્રિયની પ્રવૃત્તિ આદિનો સંબંધ બહારમાં દેખાવા છતાં જ્ઞાનીને રાગનો સંબંધ નથી, તેથી જ્ઞાનીને બંધ નથી. રાગ અને સ્વભાવની જેને એકતા તૂટી ગઈ છે તેને બાહ્યમાં સચેત અચેતનો ઘાત કે પાંચ–ઇન્દ્રિયની પ્રવૃત્તિ દેખાય છતાં તેને બંધનો અભાવ છે.

બીજી રીતે કહીએ તો ભગવાન આત્મા અબંધસ્વરૂપ છે એટલે કે આત્મા અત્યારે મુક્ત સ્વરૂપ છે, તેથી જેને મુક્ત સ્વરૂપી ભગવાનનો સંબંધ થયો તેને રાગનો સંબંધ કેમ હોય? –ન જ હોય; માટે તેને બંધ થતો નથી.

હવે શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ શ્લોક દ્વારા આ જ વાતને દ્રઢ કરે છે.

કર્મયોગ્ય પુદ્‌ગલોથી ભરેલો લોક છે તે ભલે હો, તે ક્યાં મારામાં છે? મન–વચન–કાયાની ક્રિયા હો તો ભલે હો, પણ તે મારામાં નથી. જેમ બીજા આત્માઓ હો તો ભલે હો, તે મારામાં નથી તેમ અહીં કહે છે કે કર્મયોગ્ય રજકણો, મન–વચન–કાયાની ક્રિયા કે પાંચ–ઇન્દ્રિયની ક્રિયા એ તો પરનું અસ્તિત્વ છે, તે થોડું ચાલ્યું જાય? – માટે તે હો તો ભલે હો, તે મારામાં નથી. અરે! ચેતન–અચેતનનો ઘાત હો તો ભલે હો! આમાં તો પંચેન્દ્રિયનો ઘાત પણ આવી ગયો! મુનિરાજ કહે છે કે સચેત–અચેતનો ઘાત હો તો હો, પણ તે મારામાં નથી. કઈ અપેક્ષાએ વાત ચાલે છે તે સમજવું જોવે.

અહીં તો કહે છે કે સચેત–અચેતનો ઘાત હો તો ભલે હો, પણ તે તો તેના અસ્તિત્વમાં છ, તેના લઈને તે છે, તે ક્યાં મારામાં છે? તે કાળે તેની ક્રિયા તેના અસ્તિત્વથી હો તો ભલે હો, મારા લઈને તે નથી. કોઈ કહેશે કે સચેતનો ઘાત હો તો પણ ભલે હો? –પણ કઈ અપેક્ષાએ વાત છે તે વિચારવુ જોવે. હું ક્યાં તેના જોડાણમાં આવ્યો છું? મારે ને તેને સંબંધ શું? તેના અસ્તિત્વથી તેની જે ક્રિયા હો તે ભલે હો! મેં તો મારી દ્રષ્ટિનો સંબંધ મારા જ્ઞાયક ભગવાન સાથે કર્યો છે તેથી મારે સચેત–અચેતના ઘાત આદિ પરની ક્રિયા સાથે શું સંબંધ છે?

સમયસાર ભગવાન સાથે જેને સંબંધ થયો તેને રાગનો સંબંધ તૂટી ગયો છે. પુણ્ય–પાપના ભાવને સમ્યગ્દ્રષ્ટિ ઉપયોગભૂમિમાં લાવતો નથી, જ્ઞાનસ્વભાવમાં તેનો સંબંધ કરતો નથી, જ્ઞાનસ્વભાવમાં તેને લાવતો નથી. ઉપયોગભૂમિ એટલે જાણવા–દેખવારૂપ

ઉપયોગની ભૂમિ–આધાર તે આત્મા. જ્ઞાની ધર્માત્મા વ્યવહારરત્નત્રયના રાગને આત્મામાં લાવતો નથી, તો પછી વ્યવહાર કરતા કરતા કયે દિવસે કલ્યાણ થાય?

બાપુ! તું ભગવાન છો ને! તારા ભગવાનની આ વાત થાય છે. તારા હિતની આ વાત છે. આત્મામાં રાગને લાવવો તે તને નુકશાન છે. તું ભગવાન સ્વરૂપ આત્મા છો, તને રાગથી લાભ થાય તેમ માનવું–કહેવું તે નુકશાન છે. પ્રભુ! જ્ઞાની તો રાગને ઉપયોગભૂમિમાં લાવતો નથી. નિશ્ચય અને વ્યવહાર સાથે હોવા છતાં જ્ઞાની વ્યવહારને ઉપયોગભૂમિમાં લાવતો નથી. ધર્માત્મા ધ્યાનમાં જાય અને તે કાળે જે રાગ બાકી છે તેને તે ઉપયોગભૂમિમાં લાવતો નથી, કરતો તો નથી પણ લાવતોય નથી. ધર્માત્માને અને વ્યવહારને સંબંધ નથી. આ તો વીતરાગી વાણીના અમૃત ઝરણા છે.

વ્યવહારરત્નત્રય એ સુખ નથી, દુઃખ છે, તેમાં તું કેમ રહીશ? જેને સુખના સાગરની દ્રષ્ટિ થઈ છે તે દુઃખમાં કેમ રહેશે? જેને પ્રભુની દ્રષ્ટિ થઈ છે તે રાગની પામરતા સાથે કેમ વસે? પ્રભુ પામરતામાં કેમ રહે? પ્રભુત્વ નામની જેનામાં શક્તિ છે એવો પ્રભુ રાગની પામરતામાં કેમ રહે? પ્રભુ, તું પ્રભુ છો ને! તેની જ્યાં દ્રષ્ટિ થઈ ત્યાં પર્યાયમાં પ્રભુતા પ્રગટી, તે હવે રાગની પામરતામાં કેમ રહે? – ન રહે.

સચેતના ઘાતમાં તો એકલું એકેન્દ્રિય એમ નહીં, પંચેન્દ્રિયનો ઘાત પણ આવી ગયો, તે હો તો ભલે હો! આહાહા! ગજબ વાત છે ને! આ તો અજર પ્યાલા છે, જો તે જીરવાય તો સંસાર છૂટી જાય, પચાવતા આવડવું જોવે. ધર્માત્મા પાંચ ઇન્દ્રિયના વિષયની વાસનાને ઉપયોગભૂમિમાં લાવતો નથી, ભગવાનની ભક્તિના ભાવને પણ ઉપયોગભૂમિમાં લાવતો નથી, અપવિત્રભાવને પવિત્રભાવમાં લાવતો નથી.

અબંધસ્વરૂપ ભગવાન આત્માને જેણે જાણ્યો, અનુભવ્યો એવા સમ્યગ્દ્રષ્ટિની મહાત્મ્યની શું વાત કરવી? અહીં કહે છે કે કર્મ થવાને લાયક પુદ્‌ગલોથી લોક ભર્યો હોય પણ તે બંધનું કારણ નથી, મન–વચન–કાયાની ક્રિયા છે તે પણ તેને બંધનું કારણ નથી, કેમ કે જ્ઞાનીને જ્ઞાનમાં તે પરજ્ઞેય તરીકે છે. અરે! પંચેન્દ્રિય જીવોનો ઘાત થાય, માણસ, હાથી, ઘોડા મરે પણ સમ્યગ્દ્રષ્ટિની ત્યાં રુચિ નથી, અંતરમાં તેની અભિલાષા નથી તેથી તે ઘાત પણ તેને બંધનું કારણ નથી. તે બધી ક્રિયાઓનો પ્રેમ અને રુચિ છૂટી ગઈ હોવાથી તે બધી ક્રિયાઓ તેના જ્ઞાનમાં પરજ્ઞેય તરીકે જણાતી હોવાથી તે ક્રિયાનો સમ્યગ્દ્રષ્ટિ કર્તા થતો નથી.

અજ્ઞાની કાયા અને કષાયને પોતાના માનતો હોવાથી વર્તમાનમાં તે છકાયની હિંસા ન કરતો દેખાય તોપણ ભગવાન કહે છે કે તે હિંસક છે. જેણે કાયા અને કષાય પોતાના

માન્યા છે, અશરીરીને શરીરવાળો માન્યો છે તે બહારમાં રાજ્યસંપદા આદિ છોડીને મુનિ થઈ ગયો હોય તોપણ તે છ–કાયની હિંસા કરનારો છે. કેમ કે જેણે કાયા અને કષાયને પોતાના માન્યા તેણે સ્વરૂપની સ્થિતિનો અનાદર માન્યો છે, તેથી તેણે નિજ ભગવાનની હિંસા કરી છે. વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ છે. રાગની મંદતા જેણે પોતાની માની તેણે અકષાયભાવની હિંસા કરી છે. તેથી બહારમાં હિંસા ન કરતો હોય છતાં હિંસાનો કરનારો છે અને સમ્યગ્દ્રષ્ટિ બહારમાં હિંસા કરતો દેખાય છતાં અહિંસક છે, પણ આથી એમ ન સમજવું કે પરદ્રવ્યની હિંસાથી બંધ કહ્યો નથી માટે સ્વચ્છંદી થઈને હિંસા કરવી. રુચિ પૂર્વક હિંસા કરે અને હિંસા થતી નથી એમ કહે તે ન ચાલે. અહીં તો એમ કહેવું છે કે જેને આનંદસ્વભાવી આત્માની રુચિ હોય તેને પરની હિંસાની રુચિ હોતી નથી તેથી તેને કોઈ હિંસા થઈ જાય તો તે બંધનું કારણ નથી. પરંતુ સ્વચ્છંદી થઈને રુચિથી, પ્રેમથી દ્વેષને ઉપયોગમાં એકત્વ કરીને પરજીવની હિંસા કરે છે તો તે બંધનું કારણ છે.

દ્રષ્ટિમાં જેને અબંધસ્વભાવ આવ્યો છે તેને રાગ અને કાયામાં એકત્વપણું નથી તેથી તેને તે ક્રિયા બંધનું કારણ નથી. પરંતુ સ્વચ્છંદી થઈને રુચિ અને પ્રેમથી પરની હિંસા કરે છે તે તો બંધનું કારણ છે. અહીં તો એમ કહેવું છે કે રુચિ વિના કદાચિત ઘાત થાય તો બંધનું કારણ નથી. વીતરાગ સ્વભાવ આગળ કોઈ ચીજની રુચિ નથી, રુચિ નથી તેથી કદાચિત ઘાત થઈ જાય તો બંધનું કારણ નથી; પરંતુ હું પરનું કરું, પરને મારું–એવા પ્રેમ પૂર્વક પોતાના જ્ઞાનમાં રાગની એકતાપૂર્વક મારવાનો ભાવ કરશે તો ત્યાં હિંસાથી બંધ થશે જ. આને હું મારું–એવા અજ્ઞાનભાવમાં, જે જ્ઞાનમાં રાગ નથી તે જ્ઞાનમાં રાગની હૈયાતી થઈ તેથી ત્યાં હિંસાથી બંધ થશે જ.

ભગવાન આત્મા રાગ અને કષાય વિનાનો ત્રિકાળી પવિત્ર શુદ્ધ છે, તેમાંથી જેને રાગની એકતા છૂટી ગઈ છે તેને અસ્થિરતાનો જે રાગ છે તે પૃથક્ વર્તે છે, તેમાં એકત્વપણે વર્તતો નથી. ખરેખર તો જ્ઞાનીના જ્ઞાનમાં તે રાગ પરજ્ઞેય તરીકે જણાય છે, અને અજ્ઞાની જ્ઞાનમાં દયા–દાનના રાગની હૈયાતી સ્થાપે છે, તેથી અજ્ઞાની બહારમાં સચેતનો ઘાત કરતો ન દેખાતો હોય છતાં તે હિંસક છે.

રાગની રુચિવાળા આત્માને હિંસાથી બંધ થશે જ, કારણ કે રાગને પોતાનો માન્યો છે તેથી તેને બંધ થશે જ. જ્યાં પર જીવને જીવાડવાનો અભિપ્રાય હોય તે પણ બંધનું કારણ છે, તે અભિપ્રાય મિથ્યાત્વ છે અને તે બંધનું કારણ છે, ત્યાં મારવાના અભિપ્રાયથી તો મિથ્યાત્વ કેમ ન હોય? હોય જ. બીજાને જીવાડવાનો અભિપ્રાય છે તે અભિપ્રાયને ત્રણલોકના નાથે મિથ્યાત્વ કહ્યું છે તો મારવાનો અભિપ્રાય તે મિથ્યાત્વ કેમ ન હોય? એ તો મહાપાપ છે. માટે કથનને નયવિભાગથી યથાર્થ સમજીને યથાર્થ શ્રદ્ધાન કરવું.

## જિનવરદેવ નું ફરમાન

## વ્યવહાર સઘળોય છોડ ને નિશ્ચયને ગ્રહણ કર

આ બહુ ગંભીર કળશ છે, મહિમાવંત યથાર્થ વસ્તુને સિદ્ધ કરનારો આ કળશ બંધ તત્વનું મર્મ સમજાવે છે. વ્યવહાર અને નિશ્ચયનું પૃથક્કરણ કરી, બંનેની ભિન્નતા બતાવીને જીવોએ પરાશ્રય છોડવો અને ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય કરવો તેમ કહ્યું છે. પોતે આત્મા સિવાય જે કોઈ પર વસ્તુઓમાં જેટલા અધ્યવસાન થાય છે તે સઘળાય છોડ–એમ ત્રણ લોકના નાથ જિનેશ્વરનું ફરમાન છે.

[ તા. ૨૨–૩–૭૭, શ્રી સમયસાર કળશ ૧૭૩ ઉપર પૂજ્ય ગુરુદેવના પ્રવચનમાંથી ]

પોતાના આત્મા સિવાય સર્વ વસ્તુઓમાં થતાં સઘળાય અધ્યવસાનને જિનવરદેવે ત્યાગવાયોગ્ય કહીને વ્યવહારના ત્યાગનો અને નિશ્ચયના ગ્રહણનો ઉપદેશ આપ્યો છે એમ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ અહીં કળશ દ્વારા કહે છે.

सर्वत्राध्यवसानमेवमखिलं त्याजयं यदुक्तं जिनै-
स्तन्मन्ये व्यवहार एव निखिलोऽप्यन्याश्रयस्त्याजितः।
सम्यङ्‌निश्चयमेकमेव तदमी निष्कम्पमाक्रम्य किं
शुद्धज्ञानघने महिम्नि न निजे बध्नन्ति सन्तो धृतिम्।। १७३।।

પોતે આત્મા સિવાય જેટલી વસ્તુઓ છે તેમાં જે એકત્વબુદ્ધિનો અધ્યવસાય છે તેને છોડ. જગતના બધા રજકણો, આત્માઓ અને રાગમાં એકત્વબુદ્ધિ છે તે અધ્યવસાન છે, તેને જિનવરદેવે છોડાવ્યો છે. ત્રણલોકના નાથ જિનવરદેવ એમ કહે છે કે તારા આત્મા સિવાય જે કોઈ ભિન્ન ચીજ છે તે સર્વની એકત્વબુદ્ધિનો અધ્યવસાય છોડ.

આત્મા સિવાય જેટલી પર વસ્તુઓ છે તેમાં જેટલા અધ્યવસાન પડે છે તે સઘળાય જિનેશ્વર કેવળી પરમાત્માએ છોડાવ્યા છે. ભગવાન કહે છે કે તારા માટે તો હું પણ પર છું, તેથી તું મારા માટે જેટલા અધ્યવસાય કરે કે ભગવાનથી મને લાભ થશે આદિ બધાય અધ્યવસાનો મિથ્યાત્વભાવ હોવાથી છોડવા લાયક છે.

હું બીજાને સુખી–દુઃખી કરી શકું, મારી શકું, જીવાડી શકું ઇત્યાદિ પરવસ્તુ પ્રત્યેની એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વ તેને ભગવાને છોડાવ્યો છે. પોતાના આત્મા સિવાય જગતમાં જેટલી અન્ય વસ્તુ છે તેનાથી મને લાભ થશે કે હું તેનું કરી શકું કે તેઓ મારું કરી શકે–એવો એકત્વબુદ્ધિનો જે મિથ્યાત્વભાવ તે સંસારનું મહાબીજ છે, તેથી તેને જિનેશ્વરદેવે ત્યાગવા યોગ્ય કહ્યો છે.

પ્રચુર આનંદના વેદનમાં ઝુલતાં સંતો કહે છે કે જ્યારે જિનેશ્વરદેવે બધાંય અધ્યવસાન છોડાવ્યા છે ત્યારે અમે માનીયે છીએ–એમ સમજીએ છીએ કે પર જેનો આશ્રય છે એવો વ્યવહાર જ સઘળોય છોડાવ્યો છે. દેવ–શાસ્ત્ર–ગુરુની શ્રદ્ધાના રાગના પરિણામમાં પરનો સંબંધ છે, સ્વનો સંબંધ નથી. જે તારામાં નથી અને તેં તારા માન્યા છે તે તદ્દન મિથ્યાભાવ છે, તેથી ભગવાને પર વસ્તુની એકત્વબુદ્ધિને છોડાવી છે તો અમે સંતો એમ માનીયે છીએ કે દયા–દાન–વ્રતાદિ પરના આશ્રયરૂપ બીજો જેટલો વ્યવહાર છે તે બધોય ભગવાને છોડાવ્યો છે.

પૈસા, પુત્ર આદિ મારા છે એમ જે માને છે તે બધા મોહિત છે, પાગલ છે. પ્રભુ ! એ પર વસ્તુ છે, જગતની ધૂડ–રજકણ છે; ત્યાં મારું શરીર નિરોગી છે, મારી સ્ત્રી સારી છે ઇત્યાદિ બધી મુર્ખાઈ છે, મુર્ખાઈની જાહેરાત છે. અહીં તો પરમાત્મા એમ ફરમાવે છે કે પરની એકત્વબુદ્ધિ છોડ. ભગવાને પરની એકત્વબુદ્ધિ છોડાવી છે ત્યારે અમને–સંતોને તો એમ લાગે છે કે પર જેનો આશ્રય છે એવો વ્યવહાર ભગવાને છોડાવ્યો છે.

મુનિરાજ એમ કહે છે કે ભગવાને જ્યારે પરની એકતા છોડાવી છે ત્યારે અમે તો એમ સમજીએ છીએ કે પરનો જેટલો આશ્રય છે એવો વ્યવહાર છોડાવ્યો છે. મિથ્યાદ્રષ્ટિને વ્યવહાર હોતો જ નથી પણ સમ્યગ્દ્રષ્ટિને જે વ્યવહાર હોય છે તેને ત્યાજ્ય કહ્યો છે. અરે ! અનાદિથી કીડા, કાગડા, કૂતરા આદિ ભવ કરી કરીને મરી ગયો, અનંતા ભવ કર્યા પણ એને તેનું ભાન ક્યાં છે ? પ્રભુ ! તું શેના લઈને તને સુખી માની રહ્યો છે ? એ તો પર વસ્તુ છે. પરની એકતાને લીધે અનાદિથી દુઃખના પંથે રખડી રહ્યો છે, હવે

તારા સુખના પંથે તારે આવવું હોય તો એકવાર પરના આશ્રયે થયેલો રાગ દૃષ્ટિમાંથી છોડ!

ભગવાને પરની એકતાબુદ્ધિ છોડાવી છે તો સંતો કહે છે કે પરનો આશ્રય પંચમ આરામાં છે તે બધો છોડાવ્યો છે. એકત્વબુદ્ધિ વિનાના પણ પરના આશ્રયે જેટલા વિકલ્પો ઊઠે છે તેને ભગવાને છોડાવ્યા છે. જેમ પરને જીવાડવા આદિનો એકત્વનો અધ્યાવસાન બંધનું કારણ છે તેમ જેટલો પરાશ્રયભાવ છે તે બંધનું કારણ છે માટે છોડાવ્યો છે. દયા–દાન–વ્રત–તપ–પૂજા આદિમાં અન્યનો આશ્રય છે, સ્વનો આશ્રય નથી, તેથી પર જેનો આશ્રય છે, પર જેનું અવલંબન છે, તે સઘળોય વ્યવહાર ભગવાને છોડાવ્યો છે, એમ સંતો કહે છે.

ભાઈ! તારા અભિપ્રાયથી તું શાસ્ત્રના અર્થ કરે તેમ ન હોય, ભગવાને જે અભિપ્રાયથી કહ્યું હોય તે અભિપ્રાયથી સમજવું જોવે. ભગવાન આત્મા વીતરાગી પ્રભુ અંદર બિરાજમાન છે, અનંત આનંદ અને શાંતિની શીલા ભગવાન છે. અરે! તારી મોટપની તને ખબર નથી, તારી વાત તેં સાંભળી નથી. જેમ અનાજથી ભરેલી કોઠીના તળીયે જે કાંણું હોય તેમાંથી અનાજ નીકળે છે તેમ તારામાં અનંત અનંત ગુણ અને એક એક ગુણમાં અનંત શક્તિ ભરી પડી છે, તે પર્યાયમાં પ્રગટે છે, પણ તેની તને ખબર નથી.

વ્યવહારનો આશ્રય છોડશે તે નિશ્ચયમાં જશે, એટલે કે વ્યવહારનો આશ્રય છે તે દુઃખમાં છે, તેનો આશ્રય છોડશે તે સુખમાં જશે. પર જેનો આશ્રય છે ચાહે તો તે દેવ–શાસ્ત્ર–ગુરુની ભક્તિ કે યાત્રાનો ભાવ હોય પણ તે પરાશ્રયભાવ ભગવાને છોડાવ્યો છે.

પર્યાયને કર્મ કે તેનો અભાવ નિમિત્ત છે પણ વસ્તુને કર્મ નિમિત્ત નથી, એવી પરમ સ્વભાવરૂપ વસ્તુના આશ્રયે જા અને વ્યવહારનો આશ્રય છોડ. આ કરવા જેવું છે એમ શ્રદ્ધા કર. આ એક જ કર્તવ્ય છે તેમ અંતરમાંથી હકાર લાવ. ભગવાન કહે છે કે જેણે પરાશ્રયભાવ દૃષ્ટિમાંથી છોડયો છે ને ત્રિકાળી શક્તિનો ભંડાર જેણે સ્વીકાર્યો છે તે સજ્જન છે, તે સત્ પુરુષ છે. જેણે નિજ ભગવાનનો આશ્રય લીધો છે તે સંત સુખીયા છે; માટે પરથી નિરપેક્ષ એક ત્રિકાળી વસ્તુ ભગવાન આત્મા કે જેમાં વ્યવહારનો પણ અભાવ છે એવા સમ્યક્ નિશ્ચયમાં જ ઠરો, તેમાં જ સ્થિત થાઓ. રાગ આદિના કંપમાં ગયા વિના નિષ્કંપપણે નિશ્ચયમાં ઠર.

એકરૂપ નિર્વિકલ્પ વસ્તુમાં સ્થિર થા. વ્યવહારના ધ્રુજારાથી–કંપથી છૂટીને કે જે બંધનું કારણ છે તેનાથી છૂટીને સ્વ સ્વરૂપ ભગવાનમાં નિષ્કંપપણે ઠર. પ્રભુનું આ ફરમાન છે કે નિષ્કંપપણે એક સમ્યક્ નિશ્ચયને અંગીકાર કરવો. પોતાના જ્ઞાનઘન ભગવાન આત્મામાં

સ્થિરતા કરો–એમ શુદ્ધનિશ્ચયના આશ્રયના ગ્રહણનો ભગવાને ઉપદેશ આપીને પરની એકતાબુદ્ધિ તો છોડાવી છે પણ પરના આશ્રયે થતો વ્યવહાર પણ છોડાવ્યો છે.

અરેરે! માંડ મનુષ્યપણું મળ્યું છે માટે હવે સ્વનો આશ્રય કરો. સંતો કહે છે કે અમને આશ્ચર્ય થાય છે કે ભગવાને જ્યારે અધ્યવસાન અને પરનો આશ્રય છોડાવ્યો છે તો હવે સજ્જનો નિશ્ચયને ગ્રહણ કરીને તેમાં કેમ સ્થિર થતાં નથી? પ્રભુ! અતીન્દ્રિય આનંદનો નાથ, એક એક ગુણની પરિપૂર્ણતાના સ્વભાવથી ભરેલો ભગવાન આત્મા નથી પરમાં કે નથી વ્યવહારના વિકલ્પમાં, એ તો પોતાના સ્વરૂપમાં જ છે છતાં તેને ગ્રહણ કરીને તેમાં સ્થિર કેમ થતો નથી તેનું અમને અચરજ થાય છે એમ સંતો કહે છે.

શાસ્ત્રનો આશ્રય શબ્દ છે, તેથી શાસ્ત્રનું જ્ઞાન છે તે શબ્દજ્ઞાન છે, તેમાં આત્મજ્ઞાન નથી. નવ તત્ત્વની શ્રદ્ધાનો વિષય નવ તત્ત્વો છે અને પંચ મહાવ્રતાદિના પરિણામમાં છ–કાયનું લક્ષ છે તેથી તે વ્યવહારચારિત્ર છે માટે તે ત્રણેને છોડાવ્યા છે. પ્રભુ! દુઃખના દહાડા છોડવા હોય તો હવે આ કર. પરની એકત્વબુદ્ધિમાં દુઃખ છે અને પરના આશ્રયે થયેલા વિકારી ભાવ દુઃખરૂપ છે. દયા–દાનના ભાવ પરના આશ્રયે છે માટે તે છોડ ને સમ્યક્ નિશ્ચયને ગ્રહણ કર. તારા આત્મા સિવાય પરમાં તને પ્રેમ છે, પરાશ્રિતભાવમાં પ્રેમ છે તે બધા દુઃખરૂપ છે, તારે જો હવે સુખી થવું હોય તો તેને છોડ.

પ્રભુ! તું ક્યાં છો? કોણ છો! ભાઈ? તારી હૈયાતીમાં જ્ઞાન અને આનંદ ભર્યા છે. તેને છોડીને પરના લક્ષે જેટલા વિકલ્પ ઊઠે છે તે દુઃખરૂપ છે. પરની એકતાબુદ્ધિનો ભાવ તો દુઃખરૂપ છે જ, પણ પરની એકતાબુદ્ધિ છૂટી ગઈ છે, સમ્યગ્દર્શન થયું છે છતાં પરના લક્ષે થતાં પરિણામ છે તે પણ દુઃખરૂપ છે, માટે આચાર્યદેવે તેને છોડાવ્યો છે.

સંતો તને સુખી થવા માટે એમ ઉપદેશ આપે છે કે તું પરની એકત્વબુદ્ધિ અને પરના લક્ષે થતો રાગ તેને છોડ અને સ્વનો આશ્રય કર. પરમાં સુખબુદ્ધિ છે તેને તો છોડ પણ પરના આશ્રયે થતાં ભાવને પણ છોડ. ભાઈ! તું તારા ઘરમાં કેમ આવતો નથી ને પરઘરમાં કેમ રખડે છો! એ અમને અચરજ થાય છે. પ્રભુ! આવી વાત તને સાંભળવા મળી છતાં તું પરથી ખસીને અંદરમાં કેમ જતો નથી? બાપુ, તું તારી કરુણા કર, દયા કર, એકવાર પરની એકત્વબુદ્ધિથી અને પરાશ્રયભાવથી ખસી જઈને અંદરમાં ઠરી જા. એમ જિનેશ્વરદેવનું ફરમાન છે.

## मंगलमूर्ति, चैतन्यमूर्ति एवं कल्याणमूर्ति सत्पुरुष श्री कानजी स्वामीकी ८८ वीं जन्म-जयंती पर द्रव्यदृष्टिकी महिमा प्रगट करनेवाली मंगल-माला।

संकलन कर्ता–

महेशचंद्र जैन, लो आफीसर

भारत हेवी ईलेट्रिकल्स लि. पिपलानी, भोपाल (म॰प्र॰)

१. द्रव्यदृष्टि अपूर्व मंगल है, दृष्टि जैसे ही त्रिकाल मंगलको स्वीकारती है उसी वक्त सम्यग्दर्शनसे लेकर सिद्धदशा तककी मंगल पर्यायोंकी पंक्ति प्रारंभ हो जाती है।

२. द्रव्यदृष्टि ही सम्यग्दृष्टि है।

३. द्रव्यदृष्टिमें भव नहीं।

४. द्रव्यदृष्टि भवको स्वीकारती नहीं है।

५. द्रव्यदृष्टि जहाँ नहीं होती वहाँ भवका बन्धन हुए बिना नहीं रह सकता।

६. द्रव्य्दृष्टिका जोर भव–संततिका छेद कर देता है।

७. द्रव्यदृष्टि भवको बिगडने नहीं देती।

८. द्रव्यदृष्टि होनेके बाद कुछ अस्थिरता रह भी जाय और एक–दो भव हो भी जाऐ तो भी वे भव बिगड़ते नहीं है।

९. द्रव्यदृष्टि होनके बाद जीव कदाचित् युद्धमें तत्पर हो, बाणके ऊपर बाण छोड़ रहा हो, नीलकापोत लेश्याके अशुभ भाव कभी–कभी आते भी हों तो मी उस वक्त नये भवकी आयुका बन्ध नहीं होता।

१०. द्रव्यदृष्टि होनेके बाद नीच गतिका बन्ध नहीं होता।

११. द्रव्यदृष्टि रहित जीव उग्रसे उग्र तप करे और इतनी मन्द कषाय करे कि उसके शरीरकी चमड़ी उतार कर नमक छिड़क दिया जावे तो भी उफ न करे। इतना करने पर मी नौवें ग्रीवक तक जाएगा और फिर मिथ्यात्वके कारण वहाँ नियमसे परिभ्रमण करता हुआ क्रमशः एकेन्द्रिय इत्यादि पर्याय धारण करेगा।

१२. द्रव्यद्दष्टिके आधीन ही ज्ञान–चारित्रसे मोक्ष होता है।

१३. द्रव्यद्दष्टिको जो कोई जीव एक बार भी धारण कर लेता है उसे अवश्य मोक्षकी प्राप्ति होती है।

१४. द्रव्यद्दष्टिसे युक्त जीव यदि देशव्रती या महाव्रती हो तो अधिकसे अधिक पन्द्रह भवमें मोक्ष प्राप्त कर लेता है और यदि वह अविरत हो तो संख्यात भवमें अवश्य मुक्ति लाभ करता है।

१५. द्रव्यद्दष्टिके बाद यदि जीव उससे विरुध्ध आचरण भी करे अथवा प्रबलसे प्रबल मोहको धारण करे तो भी अर्ध पुद्गल–परावर्तनके अन्दर उसे मोक्ष प्राप्त हो ही जाता है।

१६. द्रव्यद्दष्टिके बीना जीव अनन्तानन्त उपाय करें तो भी संवर और मोक्ष नहीं पा सकता।

१७. द्रव्यद्दष्टिके आधीन ज्ञान भी है।

१८. द्रव्यद्दष्टि रहित ज्ञान मिथ्याज्ञान है और संसारका कारण है।

१९. द्रव्यद्दष्टि सहित ज्ञान सम्यग्ज्ञान है और मोक्षका कारण है।

२०. द्रव्यद्दष्टिके बिना भले ही जीव ग्यारह अंग और नव [ नौ ] पूर्वका ज्ञान प्राप्त कर ले तो भी वह ज्ञान मिथ्या है।

२१. द्रव्यद्दष्टि स्वद्रव्यके अलावा अन्य चेतन–अचेतन द्रव्योंका आश्रय नहीं करती।

२२. द्रव्यद्दष्टि, परमार्थसे सच्चे देव–शास्त्र–गुरु भी निज शुद्धात्म द्रव्यसे पर होने के कारण उनका आश्रय नहीं करती।

२३. द्रव्यद्दष्टि निज शुद्धात्मद्रव्यसामान्यसे अतिरिक्त अन्यका–साक्षात् तीर्थंकर परमात्माका भी आलम्बन नहीं करती।

२४. द्रव्यद्दष्टिको तीर्थंकरकी दिव्यध्वनिका आश्रय भी स्वीकार नहीं है।

२५. द्रव्यद्दष्टि निमित्तका आश्रय नहीं करती।

२६. द्रव्द्दष्टि मन–वचन–कायाका आश्रय नहीं करती।

२७. द्रव्यद्दष्टि, सहभावी प्रमाण ज्ञानमें द्रव्यपर्यायात्मक अखिल वस्तुका बोध होने पर भी केवल निज शुद्धात्मद्रव्य सामान्यरूप ध्रुवस्वभावका ही आश्रय करती है, प्रमाणमें विषयमूत पर्याय सम्मिलित द्रव्यका नहीं।

२८. द्रव्यदृष्टि–विभूषित ज्ञानसे ही जीव और अजीवकी भिन्नताका सम्यग्बोध होता है।

२९. द्रव्द्दष्टि इन्द्रियोंका आश्रय नहीं करती।

३०. द्रव्यदृष्टि सूक्ष्म बिकल्पका आश्रय नहीं करती।

३१. द्रव्यदृष्टि कर्मका आश्रय नहीं करती।

३२. द्रव्यदृष्टि पर ज्ञेयका आश्रय नहीं करती।

३३. द्रव्यदृष्टि, सहवर्ती ज्ञानमें परद्रव्यके अस्तित्वका बोध होने पर भी उसका आश्रय नहीं करती।

३४. द्रव्यदृष्टि राग, पर और वर्तमान पर्यायका आश्रय नहीं करती।

३५. द्रव्यदृष्टि संयोगका आश्रय नहीं करती।

३६. द्रव्यदृष्टि संयोगीभावका आश्रय नहीं करती।

३७. द्रव्यदृष्टि विकारी पर्यायोंका आश्रय नहीं करती।

३८. द्रव्यदृष्टि अपूर्ण–पूर्ण शुद्ध निर्मल पर्यायोंका आश्रय नहीं करती।

३९. द्रव्यदृष्टि एक समयके शुभरागका भी आश्रय नहीं करती।

४०. द्रव्यदृष्टि एक समय की निर्मल पर्याय का भी आश्रय नहीं करती।

४१. द्रव्यदृष्टि चौदह गुणस्थानके भेदोंकी भी पर संयोगसे होनेके कारण स्वीकार नहीं करती।

४२. द्रव्यदृष्टि नव तत्त्वोंके विकल्पको की स्वीकार नहीं करती।

४३. द्रव्यदृष्टि उत्पाद–व्यय–ध्रौव्य अथवा द्रव्य–गुण–पर्याय ऐसे तीनके बिकल्प, गुण गुणीरूप दोके बिकल्प तथा मैं ज्ञायक हूं, ऐसे एकके विकल्पको भी स्वीकार नहीं करती।

४४. द्रव्यदृष्टि भेदको स्वीकार नहीं करती।

४५. द्रव्यदृष्टि अभेदको ही स्वीकार करती है।

४६. द्रव्यदृष्टि भूतार्थ स्वभावका (निश्चयनयके आत्माका) आश्रय करती है।

४७. द्रव्यदृष्टि अभूतार्थ (व्यवहार) का आश्रय नहीं करती।

४८. द्रव्यदृष्टि पर सम्बन्धी भावोंका आश्रय नहीं करती।

४९. द्रव्यदृष्टि औदायिक भावोंका [ समस्त शुभ–अशुभ भावोंका ] आश्रय नहीं करती।

५०. द्रव्यदृष्टि औपशमिक भावोंका [ उपशम सम्यक्त्व आदिका ] आश्रय नहीं करती।

५१. द्रव्यदृष्टि क्षापोपशमिक भावोंका (अपूर्ण ज्ञान–दर्शन–चारित्र आदि की पर्यायोंका) आश्रय नहीं करती।

५२. द्रव्यदृष्टि सहित ज्ञान, चारित्र, वीर्य और तपमें सम्यक्पना होता है।

५३. द्रव्यदृष्टि रहित ज्ञान, चारित्र, वीर्य और तपमें मिथ्यापना होता है।

५४. द्रव्यदृष्टि होने पर ही व्रत, तप, दान, पूजा, भक्ति आदि शुभ भाव व्यवहार मोक्षमार्ग नामको प्राप्त होते हैं।

५५. द्रव्यदृष्टि रहित व्रत, तप, दान, पूजा, भक्ति, आदि शुभ भाव बिना इकाईकी अनेक शून्योके समान है।

५६. द्रव्यदृष्टि रहित जीवके उत्कृष्टसे उत्कृष्ट व्रतको भगवानने बालव्रतकी संज्ञा दी है।

५७. द्रव्यदृष्टि रहित उग्रसे उग्र शुभ भाव और भारी मन्द कषाय भी भवकी थकान नहीं उतार सकते।

५८. द्रव्यदृष्टिके बिना जीव अनादि कालसे निगोदसे लेकर नौवें ग्रीवक तकके अनन्त भवोंको धारण करके भवमरण करता रहा, लेकिन संसार चक्रका अन्त नहीं आया।

५९. द्रव्यदृष्टिके अपूर्व पुरुषार्थ बिना क्रमबद्ध पर्यायकी या केवलज्ञानकी प्रतीति नहीं होती।

६०. द्रव्यदृष्टिके बिना पूर्णताकी प्राप्ति नहीं होती।

६१. द्रव्यदृष्टिमें भय, आकुलता और दु:ख नहीं।

६२. द्रव्यदृष्टि शुद्ध पर्याय सहित ध्रवका–प्रमाणका–आश्रय नहीं करती।

६३. द्रव्यदृष्टिमें आस्रव, बन्ध और पुण्य–पाप नहीं।

६४. द्रव्यदृष्टि ही संवर, निर्जरा और मोक्षका मूल कारण है।

६५. द्रव्यदृष्टि होते ही [ चौथे गुण स्थानसे ही ] भवकी बेल मुरझाना शुरु हो जाती है।

६६. द्रव्यदृष्टि ही क्रमसे निर्मल पर्यायोंकी जननी है; क्योंकि द्रष्टिने ज्यों ही ध्रुवस्वभावकी शरण ली कि निर्मल पर्यायोंका झरना झरने लगता है। उन निर्मल पर्यायोंका स्त्रोत [ आधार ] ध्रुवस्वभावी आत्मा है।

६७. द्रव्यदृष्टि स्वके वैभवकी ओर ही आकर्षित होती है। वह जगतके वैभवकी ओर आकर्षित नहीं होती।

६८. द्रव्यदृष्टिवन्तको ही बीचमें ऐसे उत्कृष्ट पुण्यका बन्ध होता है कि तीर्थंकर जैसा महान पद प्राप्त होता है।

६९. द्रव्यदृष्टिसे ही श्रावकदशा, मुनिदशा, अरिहन्तदशा और सिद्धदशा प्रगट होती है।

७०. द्रव्यदृष्टिसे ही प्लावित ज्ञानसंयम समस्त विकारको [शुभ–अशुभभावोंको] नाश करनेवाली परम औषधि है।

७१. द्रव्यदृष्टि ही निश्चय सम्यग्दर्शनकी उत्पत्तिका कारण है।

७२. द्रव्यदृष्टि ही स्वयंभू होनेका प्राथमिक उपाय है।

७३. द्रव्यदृष्टिसे समन्वित ज्ञानमें ही स्व और परका सच्चा भेदविज्ञान होता है।

७४. द्रव्यदृष्टि ही सकल कर्मसे रहित दशा प्राप्त करनेका प्रथम सोपान है।

७५. द्रव्यदृष्टिका फल ज्ञान–चारित्र पूर्वक केवलज्ञान है, पर्यायदृष्टिका फल निगोद है।

७६. द्रव्यदृष्टिको आलंबनरूपसे केवल स्वद्रव्यसामान्यरूप चैतन्यसत्ता ही स्वीकार्य है।

७७. द्रव्यदृष्टि परकी सत्ताका आश्रय नहीं करती।

७८. द्रव्यदृष्टि कहती है कि मैं मात्र चैतन्यमूर्ति भगवानको स्वीकार करती हूं।

७९. द्रव्यदृष्टि कहती है कि मैं जीवको मानती हू परन्तु जीव जितना कि पर संयोग, पर भाव एवं अपूर्ण–पूर्ण पर्यायोंसे रहित हो–केवल निज ध्रुव शुद्धात्म द्रव्य सामान्य हो।

८०. द्रव्यदृष्टि त्रिकाली ज्ञायकस्वभावका आश्रय करती है।

८१. द्रव्यदृष्टि एक समयमें परिपूर्ण द्रव्यको ही स्वीकार करती है।

८२. द्रव्यदृष्टिको शुद्ध आत्मा ही ध्रुव है अन्य किंचित् मात्र भी ध्रुव नहीं।

८३. द्रव्यदृष्टि एक समयकी पर्याय बिनाका ध्रुव स्वभावी आत्मा स्वीकार करती है।

८४. द्रव्यदृष्टि एक मात्र परमपारिणामिक भावका आश्रय स्वीकार करती है।

८५. द्रव्यदृष्टिका विषय त्रैकालिक निज आत्मा है।

८६. द्रव्यदृष्टिका विषय सूक्ष्म है किन्तु श्रद्धामें आ सकता है।

८७. द्रव्यदृष्टि ही परम कर्तव्य है।

८८. द्रव्यद्दष्टि ही चारित्रवृक्षकी जड़ है जिससे शाश्वत परमानन्ददायी मोक्ष फलता है। [ द्रव्यद्दष्टिकी ऐसी महिमा जानकर प्रत्येक जीवको उसीकी भावना भाना चाहिए। ]

---

**-: જાહેરાત :-**

## શ્રી જૈન વિદ્યાર્થીગૃહ, સોનગઢ.

ઉપરોક્ત બોર્ડિંગમાં ધોરણ–પ થી ધોરણ–૧૦ ( નવી એસ. એસ. સી – મેટ્રિક ) સુધીના અને હાયર સેકન્ડરીના પ્રથમ તથા બીજા વર્ષમાં અભ્યાસ કરતા ૧૦ વર્ષથી ૧૮ વર્ષ સુધીના ત્રણે ફીરકાના જૈન વિદ્યાર્થીઓને ભેદભાવ વગર દાખલ કરવામાં આવે છે.

અહીં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને હાઈસ્કૂલના લૌકિક અભ્યાસ સાથે શ્રી સનાતન દિગંબર જૈન દર્શનનો ધાર્મિક અભ્યાસ કરાવવામાં આવે છે. ઉપરાંત પરમોપકારી, અદ્વિતીય પૂજ્ય "કાનજી સ્વામી" જેવા મહાન, આધ્યાત્મિક સંતના સત્સમાગમ તથા તેઓશ્રીના તત્ત્વપૂર્ણ વ્યાખ્યાન–શ્રવણનો પણ અપૂર્વ લાભ મળે છે.

સંસ્થા ગામની બહાર પોતાનું વિશાળ, હવા ઉજાસવાળું મકાન ધરાવે છે.

વિદ્યાર્થીઓને સારો, સાત્ત્વિક ખોરાક, ચોક્ખા ઘી, દૂધ આપવામાં આવે છે.

પૂરી ફીનું માસિક ભોજનનું લવાજમ રૂા. ૬૦/– તથા ગરીબ વિદ્યાર્થીઓ માટે ઓછી ફીનું માસિક ભોજનનું લવાજમ રૂા. ૩૫/– લેવામાં આવે છે જ્યારે સંસ્થાને વિદ્યાર્થી દીઠ માસિક રૂા. ૧૨૦/ આસપાસ ખર્ચ આવે છે.

બોર્ડિંગમાં દાખલ થવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ પ્રવેશપત્ર ચાર્જના રૂા. ૦–૫૦ મોકલી પ્રવેશપત્ર તથા નિયમો તા. ૨૫–૪–૭૭ સુધીમાં મંગાવી તે વિગતવાર ભરી વાર્ષિક પરીક્ષાના માર્કસશીટ સાથે તા. ૨૦–૫–૭૭ સુધીમાં પરત મોકલવા.

લિ૦ ટ્રસ્ટી / મંત્રી

**શ્રી જૈન વિદ્યાર્થી ગૃહ**

સોનગઢ જિલ્લો : ભાવનાગર ( ગુજરાત. )

# भगवान महावीर
# और
# उनके अनुयायी युगपुरुष कानजीस्वामी

**डॉ. हुकमचंदजी भारिल्ल, जयपुर**

यह एक संयोग ही है कि इस वर्ष भगवान् महावीर एवं सत्पुरुष कानजीस्वामी–दोनोंका जन्मदिवस माह अप्रेलमें आया है। २ अप्रेल १९७७ को महावीर जयन्ती है और २० अप्रेल १९७७ को है **कानजीस्वामीका जन्मदिवस।**

महावीर जयन्तीका दिन परम पावन दिन है। इस दिन भगवान् महावीरका जन्म हुआ था तथा इसी दिन कानजीस्वामीने आजसे ४३ वर्ष पूर्व स्थानकवासी सम्प्रदाय एवं उसका गौरवपूर्ण गुरुत्व, मान–प्रतिष्ठा आदि सब कुछ छोडकर एक श्रावकके रूपमें दिगम्बर धर्म स्वीकार किया था।

भगवान् महावीर पूर्ण वीतरागी–सर्वज्ञ साक्षात् परमात्मा थे। वे युगान्तरकारी अलौकिक दिव्य महापुरुष थे। उन्होंने तत्कालीन युगको प्रभावित ही नहीं किया, वरन् उस युगमें एक क्रान्तिकारी परिवर्तन प्रस्तुत कर दिया। उनके युगान्तरकारी आलोकका प्रभाव आज भी विद्यमान है।

वे युग–युग तक आलोक प्रदान करने वाले दीप्तिमान दिवाकर थे। स्याद्वादवाणीमें अनेकान्तात्मक वस्तुका जो स्वरूप उनके द्वारा प्रतिपादित हुआ, वह आज भी आत्मार्थियोंका पथ आलोकित कर रहा है।

भगवान् महावीरने प्रत्येक वस्तुकी पूर्ण स्वतन्त्रताकी घोषणा की और यह भी स्पष्ट किया कि प्रत्येक वस्तु स्वयं परिणमनशील है। उसके परिणमनमें परपदार्थका कोई हस्तक्षेप नहीं है। यहाँ तक कि परमपिता परमेश्वर (भगवान्) भी उसकी सत्ताका कर्ता–हर्ता नहीं है। जन–जनकी ही नहीं; अपितु कण–कणकी स्वतन्त्र सत्ताकी उद्घोषणा तीर्थंकर महावीरकी वाणीमें हुई।

दूसरोंके परिणमन या कार्यमें हस्तक्षेप करनेकी भावना ही मिथ्या, निष्फल और

और दुःखका कारण है; क्योंकि सब जीवोंके जीवन–मरण, सुख–दुःख स्वयंकृत व स्वयंकृत कर्मके फल है। एकको दूसरेके सुख–दुःख, जीवन–मरणका कर्ता मानना अज्ञान है।

भगवान् महावीरने कर्तावादका स्पष्ट निषेध किया है। कर्तावादके निषेधका तात्पर्य मात्र इतना ही नहीं है कि कोई शक्तिमान ईश्वर जगतका कर्ता नहीं हैं; अपितु यह भी है कि कोई भी द्रव्य किसी दूसरे द्रव्यका कर्ता–हर्ता नहीं है। किसी एक महान् शक्तिको समस्त जगतका कर्ता–हर्ता मानना एक कर्तावाद है, तो परस्पर एक द्रव्यको दूसरे द्रव्यका कर्ता–हर्ता मानना अनेक कर्तावाद।

भगवान् महावीरकी वाणीका प्रतिपादन केन्द्रबिन्दु एकमात्र आत्मा है। यद्यपि उनकी वाणीमें आनुसांगिक रूपसे अनेक विषय आये है तथापि घूम–फिर कर सभी एक आत्मा पर ही केन्द्रित हो जाते है।

धर्म परिभाषा नहीं, प्रयोग है और जीवन है धर्मकी प्रयोगशाला। भगवान् महावीर परिभाषाएँ रटकर धर्मात्मा नहीं बने थे, उन्होंने उसे जीवनमें उतारा था। भेदविज्ञानके बलसे समस्त परपदार्थोंसे भिन्न निजात्माको जानकर, मानकर, अनुभवकर वे उसीमें जम गये थे, समा गये थे।

और जब वे वीतरागी–सर्वज्ञ हो गये तो उनकी दिव्यवाणीमें अनेकांतात्मक वस्तुका सही स्वरूप स्याद्वाद शैलीमें सहज ही प्रस्फुटित हुआ था। उन्होंने अपनी मान्यताएं बलात् किसी पर थोपीं नहीं। अपने मतके प्रचारके लिए वे किसीसे लडे–झगड़े नहीं, वाद–विवादके अखाडोंमें नहीं उतरे। वे तो जगत्से पूर्णतः अलिप्त ही रहे। उनका आचरण पूर्णतः अहिंसक रहा। उन्होंने न किसीका बुरा किया, न किसीको भला–बुरा कहा; यहाँ तक कि उन्होंने तो किसीका भला–बुरा सोचा भी नहीं।

अहिंसात्मक आचार, अनेकांन्तात्मक विचार, स्याद्वादमयी वाणी एवं अपरिग्रही जीवन ही उनके जीवनके अभिन्न अंग रहे।

आजसे २५३३ वर्ष पहिले जो पथ विपुलाचल पर भगवान् महावीरने दिखाया था–उसी पथके एक पथिक हैं युगपुरुष श्री कानजीस्वामी; जिन्होंने वर्तमान जैन आध्यात्मिक जगत्को सर्वाधिक प्रभावित किया है।

युगपुरुष उसे कहते हैं जो युगको एक दिशा दे, भ्रमित युगको सन्मार्ग दिखाए। मात्र दिखाए ही नहीं; एक वैचारिकक्रान्ति उत्पन्न करके जगत्को उस पर विचार करनेके लिए बाध्य कर दे। यदि वह क्रान्ति आध्यात्मिक हो और अहिंसक उपायों द्वारा सम्पन्न की गई हो तो उसका महत्व और भी बढ जाता है।

कानजीस्वामी एक ऐसे युगपुरुष हैं, जिन्होंने अपने जीवनमें तो परिवर्तन किया ही; साथ ही जैन जगतमें भी आध्यात्मिक क्रान्ति उत्पन्न कर दी और बाह्य क्रियाकाण्डमें उलझे हुए समाजको भगवान् महावीर द्वारा प्रतिपादित शाश्वत शान्ति की प्राप्तिका सन्मार्ग दिखाया। उन्होंने सोते हुए समाजको मात्र जगाया ही नहीं, वरन् उसे मानवजीवनकी सफलता एवं सार्थकता पर विचार करनेके लिए झकझोर कर सचेत कर दिया एवं अपनी पूर्वाग्रहग्रस्त मान्यताओं पर एक बार पुनर्विचार करने के लिए बाध्य कर दिया है।

वे इस युगमें बहुचर्चित महापुरुष है। चाहे पक्षमें हो चाहे विपक्षमें, जैन समाजमें आज जितनी चर्चा उनके बारे में चलती है; अन्य किसीके बारेमें नहीं।

जैन समाजके प्रसिद्ध तटस्थ विद्वान सिद्धांताचार्य पंडित कैलाशचन्द्रजी वाराणसी, २९ जुलाई १९७६ के जैन सन्देशके सम्पादकीयमें लिखते हैं:–

"कोई स्वीकार करे या न करे, किन्तु यदि कभी किसी तटस्थ इतिहासज्ञने जैन समाजके इन तीन दशकोका इतिहास लिखा तो वह इस युगके इस कालको 'कानजी युग' ही स्वीकार करेगा। क्योंकि वह जब इस समयके पत्रोंको उठाकर देखेगा तो उसे उन पत्रोंकी चर्चाका प्रधान विषय कानजी ही द्दष्टिगोचर होंगे। पत्रोंमें विरोध भी उसीका होता है जिसका कुछ विशेष अस्तित्व होता है। विरोधसे ही व्यक्तिका व्यक्तित्व आंका जाता है। जो उस विरोधमें भी अडिग रहता है, वही उसकी महत्ताका सूचक होता है।"

स्वामीजी सच्चे अर्थोमें युगपुरुष हैं, क्योंकि उन्होंने युगको आन्दोलित किया है। वे युगसे नहीं, युग उनसे प्रभावित हुआ है। इस भौतिकवादी युगमें जहाँ आजका मानव भौतिक चमक–दमकमें उलझ रह गया है, युगके प्रवाहमें बह गया है, उसके प्रभावसे अछूता नहीं रह सका हैं; वहाँ आप पर इस अधोगामी युगका कोई प्रभाव द्दष्टिगोचर नहीं होता, अपितु आपके द्वारा प्रवाहित आध्यात्मिक क्रान्तिकी धाराने लाखों लोगोंका जीवन बदल दिया है। सैंकड़ो युवक–युवतियोंने ब्रह्मचर्य धारण किया है, हजारों लोगोंने गहरा तात्त्विक अभ्यास किया है, एवं लाखों–लाखों लोगोने आध्यात्मिक चर्चामें रस लेना आरम्भ कर दिया है।

बम्बई जैसी मोहमयी मायानगरीमें आपके आध्यात्मिक प्रवचन होते हैं तो ज्येष्ठकी दोपहरीमें दिनके तीन बजेकी भीषण गर्मीमें भी बीस–बीस हजारका जन–समुदाय मंत्र–मुग्ध होकर लगातार महीनों सुनता है, आधा घंटा पहिलेसे आपकी सभामें उपस्थित रहता है।

रागसे भिन्न आत्माकी गूढ चर्चामें इतनी विशाल जनताका इतना रुचिवंत होना अपने आपमें एक आश्चर्य है, जो आपके युग–पौरुषको सहज ही सिद्ध कर देता है।

बाह्य क्रियाकाण्ड और वेषके नाम पर भोली जनताको प्रभावित कर लेना, 'धर्म खतरेमें है' का नारा देकर उत्तेजित कर देना–एक बात है और गहन तात्त्विकचर्चा एवं अनुत्तेजित प्रवचन–शैलीसे जगत्में शान्त, आध्यात्मिक वातावरण पैदा करना–दूसरी बात। स्वामीजीने क्रिया–काण्ड, मंत्र–तंत्र और वेशके बल पर नहीं; अजस्त्र ज्ञानाभ्यासके बल पर महावीरकी वाणीके मर्मको उद्घाटित कर जगत्को जागृत किया है।

यद्यपि भगवान् महावीरसे लेकर आज तक एकसे एक बढ़कर हजारों समर्थ आचार्य, मुनिराज एवं विद्वान हुए हैं जिन्होंने इनसे भी अधिक महान् कार्य किये हैं; तथापि वे विभूतियाँ आज हमारे बीच नहीं है। वे सब हमारे लिए भगवान् महावीरवत् ही पूज्य एवं आदरणीय है।

महावीरकी वाणीकी रहस्योद्घाटक विद्यमान विभूतियोंमें स्वामीजी एक युगान्तरकारी विभूति हैं; जिन्हें अपने बीच पाकर आज जैन–जगत् गौरवान्वित है।

स्वामीजी नया कुछ नहीं कहते। वे तो भगवान् महावीरकी वाणीमें समागत एवं कुन्दकुन्दादि आचार्यों द्वारा प्रतिपादित वाणीका मर्म ही अपनी सीधी–सादी सरल भाषामें उद्घाटित करते हैं।

स्वयं की लेखनीसे कुछ भी न लिखकर सिर्फ वाणीके बल पर जगत्को इतना अधिक प्रभावित करने वाले भगवान् महावीर तो थे ही, उनके बाद भी अनेकानेक आचार्य, मुनि व विद्वद्वर्य हुए; पर वर्तमान युगमें विद्यमान स्वामीजी ही एक ऐसे युग–पुरुष हैं, जिन्होंने एक अक्षर न लिखकर सिर्फ वाणीके बल पर इतनी बड़ी क्रान्ति कर दी है। यह अपने आपमें एक आश्चर्य है।

आश्चर्योंकें निधान युगपुरुष स्वामीजीकी कार्यशैली भी अद्भूत है। यद्यपि वे प्रवचन–तत्त्वर्चाके अतिरिक्त कुछ भी नहीं करते; तथापि उनके प्रभावसे, पुण्य–प्रतापसे

हो रहे तत्त्व–प्रचार और सहज हो रही वीतराग मार्गकी प्रभावनाको देखकर आश्चर्य होता है।

देशकी आजादी पाने और सुरक्षित रखनेके लिए मारने वालोंकी फौज तो सभी तैयार करते हैं, पर महात्मा गांधीने मरने वालोंकी फौज तैयार की थी और उसके ही बल पर भारतको आजाद भी कर दिखाया। ईंटका जवाब पत्थरसे देनेवाले वीर तो बहुत मिलेंगे, पर गांधीजीने ऐसे वीरोंकी कतार खड़ी की जो गोलीका जवाब गाली से भी न दे। उन्होंने गाली बकने और गोली मारने वालोंके विरुध्ध गोली खाने वाले देशभक्तोंके बल पर आजादीकी सफल लडाई लड़ी थी।

जो कार्य गांधीजीने राजनीतिके क्षेत्रमें अहिंसाके बल पर कर दिखाया, वही काम जैन अध्यात्मके क्षेत्रमें कानजी स्वामीने 'उत्तर नहीं देना ही सबसे बढिया उत्तर है' (No Reply is Best Reply) की नीति पर चलकर कर दिखाया। जो काम हम सब दौड–दौड कर नहीं कर पा रहे हैं, वह काम उन्होंने एक जगह बैठकर मात्र दो समय प्रवचन एवं एक समय तत्त्वचर्चा करके कर दिखाया। उन्होंने सदाचारी, शान्त; पर द्दढश्रद्धानी अनुशासित तत्त्वाभ्यासियोंकी एक लम्बी कतार खडी कर दी है–जिनमें बालक, युवक, प्रौढ और वृद्ध पुरुष एवं महिलाएँ सभी है।

उनके अनुयायी तो उनके बताए मार्ग पर चलते ही है, पर जो लोग उनके जिन कार्योंकी आलोचना करते हैं वे भी आज वही करने लगे हैं। शिबिरोंकी आलोचना करने वाले शिबिर लगा रहे हैं, समयसार पढनेको मना करने वाले समयसार पढ रहे हैं, मंडलोंका विरोध करने वाले मंडल बना रहे हैं।

विरोध करने वालोंका सदा यही हाल रहा है। एक समय जो लोग शास्त्रोंको छपानेका विरोध करते नहीं थकते थे, वे आज घडाधड शास्त्र छाप रहे हैं।

समस्त युग पर जिसकी छाप पड़े, वही युगपुरुष है–इस अर्थमें आप सच्चे युगपुरुष हैं।

आजके युगमें एक तो कोई ८७–८८ वर्ष की उम्र तक पहुँचता ही नहीं। कदाचित् कोई पहुँच भी जाय तो वह कानोंसे सुनता नहीं, उसे आँखोसे दिखता नहीं, वह अर्द्धमृतकसम ही जीता है।

८७ वर्षकी उम्रमें भी पूर्णतः सजग अध्ययन मनन, चिन्तन, आत्मानुभवन,

प्रवचन एवं तत्त्वचर्चामें नियमितरत युगान्तरकारी युगपुरुष आपके ८८ वें पावन जन्म दिवस पर भगवान् महावीरकी पावन स्मृतिपूर्वक मंगल कामना करता हुँ कि आप शतायु हों एवम् भगवान् महावीर द्वारा प्रतिपादित मुक्तिका मार्ग सक्रियरूपसे दिखाते रहें।

जय महावीर!

## * આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ *

[ ગતાંકથી ચાલુ ]

| | | |
|---|---|---|
| ૩૮૪ | શ્રી નગીનદાસ રતીલાલ કોઠારી | મુંબઈ–૫૭ |
| ૩૮૫ | " દામજીભાઈ વેલજીભાઈ સાવલા | " ૧૯ |
| ૩૮૬ | શ્રીમતી મંજુલાબેન ભાઈલાલ વોરા | કલકત્તા |
| ૩૮૭ | શ્રી મયાચંદ છગનલાલ શાહ | કલકત્તા |
| ૩૮૮ | " મુલચંદભાઈ ખીમચંદભાઈ | કલકત્તા |
| ૩૮૯ | " હરીલાલ અંદરજી પારેખ | કલકત્તા |
| ૩૯૦ | " ઋષભકુમાર જૈન | વિદિશા |
| ૩૯૧ | " જ્ઞાનચંદ પ્રમોદકુમાર જૈન | " |
| ૩૯૨ | " ગજરાજજી જૈન | હાવરા |
| ૩૯૩ | " રતીલાલ જે. શાહ | કલકત્તા |
| ૩૯૪ | " કનૈયાલાલ પન્નાલાલ જૈન | દાહોદ |
| ૩૯૫ | " હસમુખ વી. મહેતા | કલકત્તા |
| ૩૯૬ | શ્રી ચુનીલાલ જે. તુરખીયા | કલકત્તા |
| ૩૯૭ | " શાંતીલાલ કે. ગોસલીયા | કલકત્તા |
| ૩૯૮ | " રજનીકાંત ડી. ચોવટીયા | કલકત્તા |
| ૩૯૯ | " ચુનીલાલ રાયચંદ મહેતા | ફતેપુર મોટા |
| ૪૦૦ | " દિગંબર જૈન પાઠશાળા | ફતેપુર મોટા |
| ૪૦૧ | " રસીકલાલ યુ. શાહ | કલકત્તા |
| ૪૦૨ | " ગુલાબચંદ ભગવાનજી હેમાણી | કલકત્તા |
| ૪૦૩ | શ્રીમતિ મુક્તાબેન શેઠ | કલકત્તા |
| ૪૦૪ | શ્રી રમણીકલાલ ચત્રભુજ સંઘવી | સુરેન્દ્રનગર |
| ૪૦૫ | " રસીકલાલ લક્ષ્મીચંદ શાહ | સુરેન્દ્રનગર |
| ૪૦૬ | " હિંમતલાલ હરગોવિંદદાસ | ભાવનગર |

( ક્રમશઃ )

( આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧-૦૦ )

## શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ

××× પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી જ છે અને એનો ઉપદેશ પણ બહુધા સર્વપ્રાણીઓ પરસ્પર કરે છે. વળી જિનવાણીમાં વ્યવહારનો ઉપદેશ શુદ્ધનયનો હસ્તાવલંબ જાણી બહુ કર્યો છે; પણ એનું ફળ સંસાર જ છે. શુદ્ધનયનો પક્ષ તો કદી આવ્યો નથી અને તેનો ઉપદેશ પણ વીરલ છે–ક્યાંક ક્યાંક છે. તેથી ઉપકારી શ્રી ગુરુએ શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ જાણીને એનો ઉપદેશ પ્રધાનતાથી દીધો છે. ( સમયસાર ગા. ૧૧ નો ભાવાર્થ જયચંદજીકૃત )

## અપૂર્વ શાંતિનો ઉપાય દર્શાવનાર
## આધ્યાત્મિક પ્રકાશન

# સૂચિ-પત્ર

-: પ્રકાશક : -

**શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
**સોનગઢ (સૌરાષ્ટ્ર)**

* 'વીતરાગી સાહિત્ય' આપણા ઘરનું ઉત્તમ આભૂષણ *

| | |
|---|---|
| સમયસાર (મૂળ ગ્રન્થ) | ૧૨–૦૦ |
| નિયમસાર ( " " ) | છપાય છે |
| સમયસાર પ્રવચન (ભાગ–૧) | ૪–૦૦ |
| આત્મવૈભવ (૪૭ શક્તિના પ્રવચન) | ૩–૫૦ |
| આત્મપ્રસિદ્ધિ | ૪–૦૦ |
| આત્મભાવના (સમાધિશતક પ્રવચન) | ૩–૨૫ |
| મોક્ષમાર્ગ પ્રકાશક | ૫–૦૦ |
| સમયસાર કળશ–ટીકા | છપાય છે |
| જિનેન્દ્ર સ્તવનમંજરી | ૨–૦૦ |
| જૈન પ્રાઈમર (ઇંગ્લીશ) | ૦–૫૦ |
| જૈન બાળપોથી (મરાઠી) | ૦–૭૫ |
| જિનેન્દ્ર પૂજા સંગ્રહ | ૩–૫૦ |
| પુરુષાર્થસિદ્ધિ–ઉપાય | ૨–૦૦ |
| જિનેન્દ્ર ભજનમાળા | ૧–૨૫ |
| શ્રી કાનજીસ્વામીનો જીવનપરિચય | ૧–૦૦ |
| દ્રવ્ય–સંગ્રહ | ૧–૫૦ |
| બૃહદ્ દ્રવ્યસંગ્રહ | ૪–૦૦ |
| જિનેન્દ્ર સ્તવનમાળા | ૧–૫૦ |

| | |
|---|---|
| જિનેન્દ્ર સ્તવનાવલી | ૧–૦૦ |
| છઢાળા સચિત્ર | ૧–૨૫ |
| અષ્ટપ્રાભૃત ૧ થી ૪ પાહુડ હરિગીત | ૦–૩૦ |
| ઇષ્ટોપદેશ | છપાય છે |
| મોક્ષમાર્ગ પ્રકાશકનાં કિરણો ભાગ – ૨ | " |
| અષ્ટપ્રાભૃત ૧ થી ૮ પાહુડ હરિગીત | ૧–૦૦ |
| જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા | ૨–૫૦ |
| રત્નસંગ્રહ ભાગ – ૧ | ૧–૦૦ |
| રત્નકરણ્ડ શ્રાવકાચાર | ૬–૦૦ |
| નાટક સમયસાર | ૭–૦૦ |
| પંચપરમાગમ (હરિગીત અર્થસહિત) | ૫–૦૦ |
| જૈન મહાવીર સુન્દર લેખનમાળા | ૦–૫૦ |
| વીતરાગવિજ્ઞાન (છઢાળા પ્રવચન) ભાગ–૨ | ૦–૫૦ |
| વીતરાગવિજ્ઞાન (છઢાળા પ્રવચન) ભાગ – ૩ | ૧–૦૦ |
| વીતરાગવિજ્ઞાન (છઢાળા પ્રવચન) ભાગ – ૪ | ૧–૦૦ |

| | |
|---|---|
| અકલંક–નિકલંક (ધાર્મિક નાટક) | ૦–૭૫ |
| દર્શનકથા | ૦–૫૦ |
| પંચ પરમાગમ પ્રસાદી | ૨–૫૦ |
| તીર્થંકર મહાવીર અને તેમનો સર્વોદય તીર્થ | ૪–૦૦ |
| પરમાગમ મંદિર પ્રતિષ્ઠા – મહોત્સવ પત્રિકા | ૧–૨૫ |
| આરાધના | ૦–૨૦ |
| એક હતો દેડકો–વાંદરો | ૦–૧૦ |
| નિયમસાર ગુટકો | ૦–૫૦ |
| પ્રવચનસાર પદ્યાનુવાદ | ૦–૩૫ |
| સમાધિ–તંત્ર (અર્થ સાથે) | ૦–૪૫ |
| સમાધિ શતક (દોહરા) | ૦–૧૫ |
| આલોચના | ૦–૨૦ |
| જૈન બાળપોથી ભાગ–૧ | ૦–૬૦ |
| જૈન બાળપોથી ભાગ–૨ | ૦–૬૦ |
| જૈન સિદ્ધાંત પ્રવેશિકા | ૦–૪૦ |
| સર્વ સામાન્ય પ્રતિક્રમણ | ૧–૦૦ |
| મહારાણી ચેલણા | ૦–૫૦ |
| અહિંસા પરમો ધર્મઃ | ૦–૫૦ |
| ગુરુદેવની જન્મજયંતી પ્રસંગને આવરી લેતા ઘાટકોપર મંડળીના ભજનો | ૦–૫૦ |
| આત્મસિદ્ધિ–શાસ્ત્ર પરના પ્રવચનો | ૩–૦૦ |
| પંચકલ્યાણક પ્રવચનો | ૨–૨૫ |
| આત્મસિદ્ધિ સાર્થ ગુટકો | છપાય છે |

| | | |
|---|---|---|
| આત્મસિદ્ધિ મૂળ ગાથા | | છપાય છે. |
| સમયસાર પદ્યાનુવાદ | | ” |
| પંચાસ્તિકાય પદ્યાનુવાદ | | ” |
| સમયસાર–ગુટકો (અર્થ સાથે) | | ” |
| શાસ્ત્ર સ્વાધ્યાય | | ” |
| અલિંગગ્રહણ પ્રવચન | | ૦–૭૫ |
| સમવસરણ સ્તુતિ | | છપાય છે |
| સામાયિક પાઠ–અર્થ સહિત | | ” |
| ભગવાન મહાવીર | | ૦–૧૫ |
| બાળબોધ પાઠમાળા | ભાગ–૧ | ૦–૫૫ |
| ” ” | ભાગ–૨ | ૦–૬૫ |
| ” ” | ભાગ–૩ | ૦–૭૫ |
| વીતરાગવિજ્ઞાન પાઠમાળા | ભાગ–૧ | ૦–૪૫ |
| ” ” | ભાગ–૨ | ૦–૬૦ |
| ” ” | ભાગ–૩ | ૦–૬૦ |

* * *

–ઃ પ્રકાશકઃ–

**શ્રી વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ, ભાવનગર**

| | |
|---|---|
| પ્રવચનસાર (મૂળ શાસ્ત્ર) | ૧૨–૦૦ |
| પંચાસ્તિકાય સંગ્રહ (મૂળ શાસ્ત્ર) | ૮–૦૦ |
| અનુભવ પ્રકાશ | ૧–૦૦ |
| પરમાત્મપ્રકાશ | છપાય છે |
| સમાધિતંત્ર | ” |

* * *

## वीतरागी हिन्दी साहित्य

**प्रकाशक : श्री दिगम्बर स्वाध्यायमंदिर ट्रस्ट, सोनगढ**

१ समयसार (गाथा–टीका) १२ = ००  २ नियमसार (गाथा–टीका) ७ = ५०

| | | | |
|---|---|---|---|
| ३ कार्तिकेय अनुप्रेक्षा | ५ = ०० | २३ अष्ट प्रवचन भाग–र | १ = ५० |
| ४ तत्त्वज्ञान तरंगिणी | ५ = ०० | २४ आराधना | ० = २० |
| ५ तत्त्वार्थसार | प्रेसमें | २५ मूलमें भूल | १ = २५ |
| ६ आत्मावलोकन | ३ = ०० | २६ जैन तत्त्व मीमांसा | प्रेसमें |
| ७ मोक्षमार्ग प्रकाशक | प्रेसमें | २७ भगवान महावीर | ० = १५ |
| ८ द्रव्य संग्रह | १ = ५० | २८ जैन बालपोथी (अंग्रेजी) | ० = ५० |
| ९ समयसार प्रवचन भा. १ | प्रेसमें | २९ समाधितंत्र गुटका | ० = ५५ |
| १० ” ” ” २ | ” | ३० ऋषभदेव स्तोत्र | ० = ४० |
| ११ ” ” ” ३ | ५ = ०० | ३१ शब्द कोष | ० = ६५ |
| १२ ” ” ” ४ | ७ = ०० | ३२ समयसार पद्यानुवाद | ० = ७० |
| १३ श्रावकधर्म प्रकाश | प्रेसमें | ३३ नियमसार पद्यानुवाद | ० = ४० |
| १४ लघु जैन सिद्धान्त प्रवेशिका | ० = ४० | ३४ छहढाला मूल पाठ | ० = ३० |
| १५ अहिंसा परमो धर्मः | ० = ५० | ३५ मोक्षशास्त्र–तत्त्वार्थसूत्र | १२ = ०० |
| १६ जैन सिद्धांत प्रश्नोत्तरमाला भाग–१ | १ = ५० | ३६ पंचमेरु नंदीश्वर विधानपूजा | १ = ५० |
| १७ ” ” ” ” २ | १ = ५० | ३७ दश लक्षण धर्म विधान पूजा | प्रेसमें |
| १८ ” ” ” ” ३ | १ = ५० | ३८ पंचपरमेष्ठी विधान पूजा | ” |
| १९ जैन बालपोथी भाग–१ | ० = ६० | ३९ अलिंगग्रहण प्रवचन | ” |
| २० ” ” ” २ | प्रेसमे | ४० ज्ञानस्वभाव ज्ञेयस्वभाव | ४ = ०० |
| २१ सन्मति संदेश विशेषांक | ० = ५० | ४१ सत्तास्वरूप | १ = ८० |
| २२ सैद्धांतिक चर्चा लेख नं. ७से१४ | १ = ७५ | ४२ आगमपथ | २ = २५ |

## पंडित टोडरमल स्मारक भवन ट्रस्ट, जयपुर

द्वारा प्रकाशितः –

| | | | |
|---|---|---|---|
| १ पंडित टोडरमलः व्यक्तित्व और कर्तृत्व | ११ = ०० | ३ पंडित टोडरमल शोध प्रबंधका सारांश | ० = २५ |
| २ तीर्थंकर महावीर और उनका सर्वोदय तीर्थ | ५ = ०० | ४ मैं कौन हूँ? | १ = ०० |
| ” ” (पाकेट साइजमें) | २ = ०० | ५ पं. टोडरमलका जीवन और साहित्य | ० = ६५ |
| | | ६ वीतराग विज्ञानपर शिक्षण–निर्देशिका | ३ = ०० |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ७ अनेकांत और स्याद्वाद | ० = ३५ | | १७ बालबोध पाठमाला भा. ३ | ० = ५५ |
| ८ तीर्थंकर भगवान महावीर | ० = ४० | | १८ वीतराग विज्ञान पाठमाला भाग १ | ० = ५५ |
| ९ वीतराग व्यक्तित्व भगवान महावीर | ० = २५ | | १९ ” ” ” ” २ | ० = ८० |
| १० श्री स्वामीजीका एक ईन्टेरव्यु | ० = २५ | | २० ” ” ” ” ३ | ० = ८० |
| ११ श्री बनारसीदास जीवन साहित्य | ० = ३० | | २१ तत्त्वज्ञान पाठमाला भाग १ | १ = २५ |
| १२ अपनेको पहिचानिए | ० = ५० | | २२ ” ” ” २ | १ = २५ |
| १३ पंचम गुणस्थानवर्ती श्रावक और उसकी ग्यारह प्रतिमाएँ | ० = ३५ | | २३ सुन्दर लेख बालबोध पा. भा. १ | ० = २५ |
| | | | २४ मैं ज्ञानानंद स्वभावी हूँ (कैंलेन्डर) | ० = ५० |
| १४ अर्चना (पूजन संग्रह) | ० = ४० | | २५ सत्यकी खोज (कथानक) | प्रेसमें |
| १५ बालबोध पाठमाला भा. १ | ० = ४० | | २६ सुन्दर लेखन कोपी | ० = २५ |
| १६ ” ” ” २ | ० = ५५ | | २७ जैन बालपोथी (मराठी) | ० = ७५ |

❄ ❄ ❄

## श्री वीतराग सत् साहित्य प्रसारक ट्रस्ट, भावनगर

द्वारा प्रकाशित:—

| | | | | |
|---|---|---|---|---|
| १ प्रवचनसार [ अमृतचन्द्राचार्य तथा जयसेनाचार्यकी टीका सहित ] | ९ = ६० | | ४ समयसार नाटक | ६ = ०० |
| | | | ५ पुरुषार्थसिद्धि—उपाय | प्रेसमें |
| २ पंचास्तिकाय संग्रह | ६ = ०० | | ६ अष्टपाहुड | ८ = ०० |
| ३ बृहद् द्रव्यसंग्रह | प्रेसमें | | ७ समयसार कलश टीका | ६ = ०० |

**-: आवश्यक सूचना :-**

(१) पुस्तक मँगानेवालेको मूल्यके अलावा पोस्टेज, पेकिंग तथा रेलवे चार्ज आदि अलग देना होगा।

(२) ओर्डरके साथ ही ड्राफट अथवा मनीओर्डर द्वारा रूपये भिजवायें।

(३) ओर्डरके साथ यदि ड्राफ्ट या मनीओर्डर नहीं आया तो पुस्तकें वी. पी. द्वारा भेजी जायेंगी, जिससे आपको अधिक खर्च आयेगा।

—: प्राप्तिस्थान :—

**१. श्री दि. जैन स्वाध्यायमन्दिर ट्रस्ट, सोनगढ (सौराष्ट्र)**
**२. श्री टोडरमल स्मारक भवन ए-४, बापूनगर, जयपुर-४ (राज०)**
**३. श्री वीतराग सत् साहित्य प्रसारक ट्रस्ट, भावनगर (सौराष्ट्र)**

## સુગમ દૃષ્ટાંત... ગહન સિદ્ધાંત

# અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા

[ પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી ]

એકવાર દસ મૂર્ખાઓ એક ગામથી બીજે ગામ જતાં હતાં. રસ્તામાં એક નદી આવી. નદી પાર કરીને તેઓ સામે કાંઠે આવ્યા. ત્યાં એક મૂરખ બોલ્યો કે આપણામાંથી કોઈ ડૂબી તો નથી ગયું ને ? ચાલો સંખ્યા ગણી જોઈએ. એમ કહીને સંખ્યા ગણવા માંડી–એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ ને નવ ! તરત જ તેને ધ્રાસકો પડયો કે અરર ! આપણામાંથી એક જણ ડૂબી ગયો પછી બીજો મૂર્ખો ગણવા ઊભો થયો. એમ એક પછી એક બધાય મૂર્ખાઓએ ગણતરી કરી તો નવ જ થયા, કેમ કે દરેક ગણનારો પોતે પોતાને જ ગણતાં ભૂલી જતો હતો. બધા ભેગા થઈને વિસામણમાં પડી ગયા કે હવે શું કરવું ? તેઓ ગડમથલ કરતાં હતાં ત્યાં કોઈ ડાહ્યો મુસાફર ત્યાંથી નીકળ્યો. તે આ મૂરખાઓની ગડમથલનું કારણ સમજી ગયો અને કહ્યું ભાઈઓ ! ધીરા થાઓ.... શાંત થાઓ.... તમારામાંથી કોઈ ડૂબી ગયું નથી... ચાલો, બધા એક સાથે લાઈનમાં ઊભા રહો. જુઓ.... આ એક... આ બે... આ ત્રણ.... ચાર... પાંચ... છ... સાત... આઠ... નવ ને આ... દસ ! તમે તો દસેદસ પૂરેપૂરા છો.... એ જાણીને મૂરખાઓની ભ્રમણા ટળી ને શાંતિ થઈ. તેમને ખ્યાલ આવ્યો કે અરે ? અમે પોતે પોતાને જ ગણતા ભૂલી જતાં હતાં, તેથી નવ જણ થતાં હતાં ને એક જણ ડૂબી જવાની ભ્રમણા અમને થઈ હતી.

તે દસ મૂરખાઓની જેમ અજ્ઞાની જીવો પોતે પોતાના સ્વરૂપને ભૂલી જાય છે. આ શરીર, આ રાગ, આ પર્યાય, એમ લક્ષમાં લ્યે છે પણ તેને જાણનારો હું જ્ઞાયક છું એમ પોતે પોતાને સ્વસંવેદનથી લક્ષમાં લેતો નથી. તેથી તે રાગાદિમાં ને શરીરાદિમાં જ પોતાપણાની ભ્રાંતિથી હેરાન થાય છે. જ્ઞાની જીવ તેને તેનું સ્વરૂપ બતાવતાં કહે છે કે અરે જીવ ! તું શાંત થા... ધીરો થા... ને ધીરો થઈને તારા અંતરમાં જો... તારું સ્વરૂપ તો રાગથી ને દેહથી અત્યંત ભિન્ન જ્ઞાન ને આનંદમય જ છે. એ પ્રમાણે અંતમુર્ખ થઈને આત્માને જાણતાં જ ભ્રમણા ટળીને જીવ આનંદિત થાય છે. ત્યારે તેને એમ પણ થાય છે કે 'અરે ! અત્યાર સુધી મારા પોતાના જ ત્રિલોકપૂજ્ય મહાન અસ્તિત્વને ભૂલીને હું ભ્રમણાથી દુઃખી થયો. તેથી સંતોએ કહ્યું છે કે, "અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા" એ યથાર્થ કહ્યું છે. હવે હું સંતોની કૃપાથી મારી ખોવાયેલી નિધિને પામ્યો છું. હવે કદાપિ હું મારી નિધિને ભૂલીશ નહિ.'

યુગસ્રષ્ટા શ્રી કાનજીસ્વામી............[ અનુસંધાન પાનું ૮ થી ચાલુ ]

વસ્ત્ર તડકે સુકવવાથી પાણી ઝરી જાય છે તેમ શરીર તડકે તપાવવા વિગેરેની કષ્ટક્રિયાથી કર્મો નિર્જરી જશે–આવી આવી તત્ત્વજ્ઞાનશૂન્ય માન્યતાઓ પ્રવર્તતી. અબાધિત સુવિજ્ઞાન સિદ્ધાંતોની કસોટીમાંથી પાર ઊતરી શકે એવો વીતરાગ પ્રણીત સદ્ધર્મ વૈજ્ઞાનિક ભૂમિકા ઉપરથી સરી પડીને રૂઢીચૂસ્ત સાંમ્પ્રદાયિકતામાં અને ક્રિયાકાંડમાં અટવાઈ ગયો હતો. 'વીતરાગે આમ કહ્યું છે માટે તે ખરું હશે, આપણે અલ્પજ્ઞ શું જાણીયે ? ' એવી ઢીલી વાતો કરનારા લોકો જ ચારે તરફ દેખાતા. પણ 'મેરો ધની નહિ દૂર દિસંતર, મોહિમેં હૈ મોહિ સૂઝત નીકે' એવો અનુભવ કરીને 'હું જ્ઞાનમૂર્તિ ભગવાન છું' એમ છાતી ઠોકીને કહેનાર કોઈ દેખાતું નહોતું. એવા સમયમાં ગુરુદેવે સમયસાર દ્વારા પરમ ચમત્કારિક આત્મપદાર્થને અનુભવ્યો અને અનુભવજનિત શ્રદ્ધાના વજ્રખડક ઉપર ઊભા રહીને જગતને ઘોષણા કરી કે "અહો જીવો! પરભાવોથી અને વિકારથી ભિન્ન જ્ઞાનમૂર્તિ આત્મપદાર્થના અનુભવથી કહીએ છીએ કે અમે જે માર્ગે ચાલીએ છીએ અને જે માર્ગ દર્શાવીએ છીએ તે માર્ગ ચાલ્યા આવો અને જો મોક્ષ ન મળે તો એ દોષ અમે અમારા શિર પર લઈએ છીએ. આત્મામાં ભવ છે જ નહિ એવો શુદ્ધાત્મભૂમિકા પ્રાપ્ત કર્યા વિના તમે ચારિત્રના ચિત્રામણ શાના પર કરશો ? આજે અમે કહીએ છીએ તે વાત ત્રણકાળમાં – ત્રણલોકમાં ફરે એમ નથી. સર્વ તીર્થંકરોએ જે વાત કરી છે અને સર્વ અનુભવી પુરુષો ત્રણે કાળે એ જ વાત કહેવાના છે."

અનુભવની વજ્રભૂમિ ઉપર ઊભા રહીને અત્યંત નિઃશંકપણે તેમ જ કોઈ દિવસ લેશ પણ કંટાળા વિના, સદા આનંદ સાગરને ઊછાળતાં, અત્યંત પ્રમોદ પૂર્વક ચૈતન્ય ભગવાનના ગાણાં ગાતા અધ્યાત્મ–ઉપદેશ વરસાવતાં ગુરુદેવ આ કાળે એક અજોડ લોકોત્તર વ્યક્તિ છે.

જગતને બાહ્ય પદાર્થો દેખાય છે પણ તે બધાનો દેખનાર મહા પદાર્થ દેખાતો નથી. એવા જગતને ગુરુદેવ પડકાર કરે છે કે "અહો જીવો! જે બધાના ઉપર તરતો ને તરતો રહે છે એવો આ પ્રત્યક્ષ અનુભવ–

પૂજ્ય શ્રી કાનજીસ્વામી 卐 卐 卐

૮૮ મી જન્મ જયન્તી

ગમ્ય પ્રધાન પદાર્થ–જેની આગળ બીજુ બધું શૂન્ય જેવું છે તે જ તમને કેમ દેખાતો નથી? આત્મા જ એક પરમ અલૌકિક સર્વોત્કૃષ્ટ મહિમાવંત પદાર્થ છે, જેના વિના જગતમાં સર્વત્ર અંધકાર છે... આ બધું અમે આગમાધારે કહીએ છીએ એમ નહિ પણ પ્રત્યક્ષ અનુભવથી કહીએ છીએ. એમ છતાં તે અનુભવ આગમથી સર્વથા અવિરુધ્ધ છે."

વસ્તુવિજ્ઞાન સમજાવવાની ગુરુદેવની શૈલી પણ અનોખી છે. 'સત્‌નો કદી નાશ ન થાય, શૂન્યમાંથી સત્ કદી ઉત્પન્ન ન થાય, કારણકાર્ય ભિન્ન–ભિન્ન પદાર્થોમાં ન હોય' ઇત્યાદિ પરમ વૈજ્ઞાનિક સત્યોને ગુરુદેવ અત્યંત સ્પષ્ટ અને સુંદર રીતે સમજાવે છે, તેના ઉપર પોતાના અનુભવની વજ્ર–મહોર મારે છે અને આગમની તથા પૂર્વાચાર્યોની સાખ આપે છે. એ રીતે પૂજ્ય ગુરુદેવે શુદ્ધાત્મ–અનુભવથી, આગમથી અને અબાધ્ય યુક્તિથી જગતમાં એક યુગ પ્રવર્તાવ્યો છે; અને તે પણ એક સામાજીક કે રાજકીય યુગ નહિ પણ ભવ–ભ્રમણને છેદનારો, પરમ કલ્યાણકારી લોકોત્તર યુગ પ્રવર્તાવ્યો છે. સોનગઢની અંદર શ્રી હીરાભાઈના નાના શા મકાનમાં દશવીસ ધર્મપ્રેમી જીવોથી માંડીને, ક્રમે કરીને સ્વાધ્યાય મંદિરમાં સેંકડો જીવો ઉપર અને પ્રવચનમંડપમાં તથા પરમાગમ મંદિરમાં હજારો જીવો ઉપર ગુરુદેવના કલ્યાણકારી ઉપદેશનું મોજું પથરાયું અને આજે તો 'આત્મધર્મ' દ્વારા કુંદકુંદકહાન–ગ્રંથમાળા તરફથી પ્રકાશિત અનેકાનેક ગ્રંથો દ્વારા અને ટેપ રેકોર્ડિંગ દ્વારા તેમજ તીર્થયાત્રા આદિ નિમિત્તે થતા ગુરુદેવના ભારત વ્યાપી વિહારો દરમ્યાન ગુરુદેવના મુખેથી વરસતાં ભવનાશક અધ્યાત્મ–ઉપદેશ દ્વારા સમસ્ત ભારતવર્ષને–આખા મુમુક્ષુજગતને એ ઉપદેશ સાગરના કલ્લોલો પાવન કરે છે. આસપાસના સંયોગો જોતાં એમ લાગે છે કે જે કોઈ જીવ આ કાળે મોક્ષમાર્ગ સમજશે તે જીવ પ્રાયઃ ગુરુદેવની જ સીધી કે આડકતરી અસરથી સમજશે. જગતમાં આવા લોકોત્તર યુગના સ્રષ્ટા ગુરુદેવના ચરણકમલમાં આજે તેમની ૮૮ મી જન્મ–જયંતીના પ્રસંગે આપણા કોટીકોટી વંદન હો.

આપણે જેઓ તેમના નિરંતર સત્સંગમાં રહીએ છીએ અથવા અવારનવાર તેમના સત્સંગનો લાભ લેતા રહીએ છીએ તેમના પર તો

ગુરુદેવનો અકથ્ય ઉપકાર છે. આપણા આખા જીવનને તેઓશ્રીએ ઘડયું છે. આપણામાં જે કાંઈ શુભેચ્છા હોય, જે કાંઈ વૈરાગ્ય હોય, જે કાંઈ જ્ઞાનમૂર્તિ ભગવાનનો આદર હોય, તે બધુંય ઘણે અંશે ગુરુદેવને આભારી છે. આપણા શુભભાવોના, વૈરાગ્ય જીવનના, મંથન જીવનના, શ્રદ્ધા જીવનના –બધાયના ગુરુદેવ જ સ્વામી અને નિર્માતા છે. હંમેશાં પ્રવચનો દ્વારા અને તેમના જીવનની છાપ દ્વારા તેઓ આપણું જીવન ઘડી રહ્યા છે. જ્યાં આપણને આત્માની શંકા થાય ત્યાં ‘અરે ભાઈ! એ શંકાનો કરનાર તું છો કોણ એ તો જો!’ એમ કહીને આપણું શ્રદ્ધાજીવન ગુરુદેવ ટકાવે છે. ‘શરીરને હું હલાવું છું’ એમ થઈ જાય ત્યાં ‘અરે ભાઈ! નેત્ર જેવું જ્ઞાન પર પદાર્થને હલાવી શકે એવો ભ્રમ તને ક્યાંથી પડયો?’ એમ કહીને ફરીને શ્રદ્ધામાં સ્થાપિત કરે છે. આ રીતે પરમ પૂજ્ય ગુરુદેવ આપણા સમગ્ર જીવનના ઘડવૈયા છે.

આવા પરમોપકારી ગુરુદેવને આજે આ માંગલિક પ્રસંગે આપણે કંઈ વિધિથી પૂજીએ! જે ગુરુદેવ નિરંતર જ્ઞાનપ્રકાશ ફેલાવી રહ્યાં છે તેમની મણિરત્નના દીવાથી આરતી ઉતારીએ તોપણ એ ઉપકારભાનુ આગળ એ દીવાઓ અત્યંત ઝાંખા લાગે છે, જે ગુરુદેવ હંમેશાં આપણને આત્મિક સુધારસમાં તરબોળ કરી રહ્યા છે તેમનો ક્ષીર સાગરના નીરથી અભિષેક કરીએ તોપણ એ અભિષેક એ ઉપકારસાગર આગળ એક બિંદુ માત્ર જેટલો પણ લાગતો નથી; અને જે ગુરુદેવ મુક્તિફળદાયક મોક્ષમાર્ગ દર્શાવી રહ્યા છે તેમનું કલ્પવૃક્ષના ફળથી પૂજન કરીએ તોપણ એ ઉપકાર–મેરુ આગળ તુચ્છ લાગે છે. આ રીતે દૈવી સામગ્રીથી પૂજન કરતાં પણ ભાવના તૃપ્ત થાય એમ નથી. પરમોપકારી ગુરુદેવ પ્રત્યેની ભક્તિ ભાવના ત્યારે તૃપ્ત થશે કે જ્યારે આત્મિક સામગ્રીથી ગુરુદેવનું પૂજન કરીએ–જ્યારે આત્માના અસંખ્ય પ્રદેશે કેવળજ્ઞાનના દીવડા પ્રગટાવી ગુરુદેવની આરતી ઉતારીએ, આત્માના પ્રદેશે પ્રદેશે સુખસિંધુ ઉછાળી ગુરુદેવનો અભિષેક કરીએ, આત્માના સર્વ પ્રદેશોને સર્વથા મુક્ત કરીને એ મુક્તિફળથી ગુરુદેવનું પૂજન કરીએ. આવું પૂજન કરવાનું સામર્થ્ય આપણને પ્રાપ્ત થાય ત્યાં સુધી પરમકૃપાળુ ગુરુદેવ આપણું કાંડું ન છોડે અને સદા સર્વદા એમના પડખે જ રાખે એવી કૃપાસિંધુ ગુરુદેવ પાસે આપણી નમ્ર અને દીન યાચના છે. *

પૂજ્ય શ્રી કાનજી સ્વામી 卐 卐 卐

卐 卐 卐 ૮૮ મી જન્મ જયન્તી

# પૂજ્ય ગુરુદેવના ઉપકારને શીઘ્રતાથી સાર્થક કરીએ

નિશ્ચયના ઉપાસક જીવની વ્યવહાર શુદ્ધિ કેવી હોય તે બાબતમાં પૂ. ગુરુદેવે એક વખત ખાસ ભાર પૂર્વક સમજાવ્યું હતું કે-જે જીવ નિશ્ચયની ઉપાસના કરવા કટિબદ્ધ થયો છે તેની પરિણતિમાં પહેલાં કરતાં વૈરાગ્યની ઘણી વૃદ્ધિ થતી જાય છે. તેને દોષોનો ભય હોય, અકષાય-સ્વભાવને સાધવા તૈયાર થયો ત્યાં તેના કષાય શાંત થવા માંડે, તેની કોઈ પ્રવૃત્તિ કે આચરણ એવા ન હોય કે રાગાદિનું પોષણ કરે, પહેલાં રાગાદિની મંદતા હતી તેને બદલે હવે રાગાદિની તીવ્રતા થાય-તો તો તે સ્વભાવને સાધવાની નજીક આવ્યો-એમ કઈ રીતે કહેવાય ? એકલું જ્ઞાન-જ્ઞાન કર્યા કરે પણ જ્ઞાનની સાથે રાગની મંદતા હોવી જોઈએ, ધર્માત્મા પ્રત્યે વિનય-બહુમાન -ભક્તિ-નમ્રતા-નરમાશ હોવા જોઈએ, બીજા સાધર્મીઓ પ્રત્યે અંતરમાં વાત્સલ્ય હોવું જોઈએ. વૈરાગ્ય હોવો જોઈએ, શાસ્ત્રાભ્યાસ વગેરેનો પ્રયત્ન હોવો જોઈએ... એમ ચારેકોરના બધા પડખાથી પાત્રતા કેળવવી જોઈએ, તો જ જ્ઞાન યથાર્થ પરિણમે. ખરેખર, સાક્ષાત્ સમાગમની બલિહારી છે -સત્સંગમાં અને સંત ધર્માત્માની છત્રછાયમાં રહીને-તેમના પવિત્ર જીવનને નજર સમક્ષ ધ્યેયરૂપે રાખીને, ચારે પડખેથી સર્વ પ્રકારે ઉદ્યમ કરી કરીને પોતાની પાત્રતાને પુષ્ટ કરવી જોઈએ. ખરેખર અત્યારે આપણા સદ્‌ભાગ્ય છે કે સર્વ પડખાથી પાત્રતા કેળવીને આત્માની ઉપાસના કઈ રીતે કરવી તે ગુરુદેવ જેવા સંત સાક્ષાત્‌પણે હંમેશાં સમજાવીને આપણા જીવનનું ઘડતર કરી રહ્યાં છે. તેઓશ્રીના અમાપ ઉપકાર સંબંધમાં કાંઈ પણ કહેવા છતાં વાણી અટકી જાય છે. તેઓશ્રીએ બતાવેલા માર્ગે ચાલીને તેઓશ્રીના ઉપકારને અતિશીઘ્રતાથી સાર્થક કરીએ એ જ ભાવના...

* પ્રાંતીજમાં શિક્ષણ-શિબિરનું આયોજન કરવાની તારીખમાં ફેરફાર કરવામાં આવેલ છે. આ શિક્ષણ-શિબિર તા. ૮-૫-૭૭ થી તા. ૨૭-૫-૭૭ ના બદલે હવે તા. ૧૫-૫-૭૭ થી ૩-૬-૭૭ સુધી રાખવામાં આવશે.

* આ અંક જન્મજયંતી અંક હોવાથી વૈરાગ્ય- સમાચાર આવતા અંકે આપવામાં આવશે.

**સમાચાર-** તા. ૧૦-૪-૭૭

* પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢમાં સુખશાતામાં બિરાજી રહ્યા છે, તેઓશ્રીનું સ્વાસ્થય સુધારા ઉપર છે. ગત તારીખ ૨૫ ની સાંજે પૂજ્ય ગુરુદેવનો ડાબો પગ થોડો મરડાવાથી પ્રવચનો બંધ હતા, હવે પગે સારું હોવાથી આજથી પ્રવચન ચાલુ થયા છે. મંગળવાર તારીખ ૧૨-૪-૭૭ ના સવારે પૂજ્ય ગુરુદેવ સોનગઢથી મંગલ પ્રસ્થાન કરીને રાજકોટ પધારશે.

## * પૂજ્ય ગુરુદેવના મંગલ પ્રવાસનો ક્રમ *

| ગામ | તિથિ | વાર | તારીખ | દિવસ |
|---|---|---|---|---|
| રાજકોટ | ચૈત્ર વદ ૯ | મંગળવાર | ૧૨ એપ્રિલ | ૧ |
| જામનગર | ચૈ. વ. ૧૦ થી વૈ. સુ. ૨ | બુધ થી બુધ | ૧૩ થી ૨૦ એપ્રિલ | ૮ |
| મુંબઈ | વૈ. સુ. ૩ | ગુરુવાર | ૨૧ એપ્રિલ | ૧ |
| | | | | ( બેંગલોર જવા માટે ) |
| બેંગલોર | વૈ. સુ. ૪ થી ૭ | શુક્ર થી સોમ | ૨૨ થી ૨૫ એપ્રિલ | ૪ |
| મદ્રાસ | વૈ. સુ. ૮ થી ૧૫ | મંગળ થી મંગળ | ૨૬ એપ્રિલ થી ૩ મે | ૮ |
| મુંબઈ | વૈ. વ. ૧ થી જે. સુ. ૧ | બુધ થી બુધ | ૪ મે થી ૧૮ મે | ૧૫ |

ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રી સોનગઢ પધારશે.

## આત્મધર્મ માસિક-પત્ર સંબંધી માહિતી.

પ્રકાશન સ્થાન-શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )
પ્રકાશન તારીખ-દરેક માસની ૧૦ મી તારીખ.
પ્રકાશક-શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ.
મુદ્રક-મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ.
સંપાદક-નાગરદાસ બેચરદાસ જૈન, સોનગઢ.
તંત્રી-પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર, ભાવનગર.
રાષ્ટ્રીયતા-ભારતીય.
માલિક-શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ.

વ્યવસ્થાપક ( મેનેજર )-
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ. ( સૌરાષ્ટ્ર ).

તા. ૧૦-૪-૭૭ Pin. 364250

## ❀ ગુજરાતી આત્મધર્મના ગ્રાહકોને ભેટ ❀

પૂજ્ય ગુરુદેવશ્રીની ૮૮ મી જન્મ-જયંતીની ખુશાલીમાં નાયરોબી મુમુક્ષુમંડળના ભૂતપૂર્વ પ્રમુખ સ્વ. શ્રી પ્રેમચંદ કેશવજી શાહના ધર્મપત્ની ગંગાબેન તથા અજિતભાઈ, કિશોરભાઈ વિગેરે સુપુત્રો તરફથી ગુજરાતી આત્મધર્મના ગ્રાહકોને પૂજ્ય ગુરુદેવશ્રીનો ફોટો, તેઓશ્રીના ઉપદેશ-વચનામૃત તથા તીર્થધામ સોનગઢ સહિત એક સચિત્ર કેલેન્ડર ભેટ આપવા માટે રૂા. ૧૧૦૦૦/- (૧૨૫×૮૮) આપવમાં આવેલ છે.


મુંબઈ, અમદાવાદ તથા અન્ય શહેરોના ગુજરાતી આત્મધર્મના ગ્રાહકોએ નીચેનું કુપન પોતાના મંડળમાં આપીને આ કેલેન્ડર મેળવી લેવા વિનંતી છે. અન્ય સર્વ ગ્રાહકોએ જન્મ-જયંતી પ્રસંગે જામનગરથી અને ત્યારબાદ આત્મધર્મ કાર્યાલય, સોનગઢથી નીચેનું કુપન આપીને કેલેન્ડર મેળવી લેવા વિનંતી છે. તે ઉપરાંત દરેક ગામના મંદિર માટે ત્યાંની કાર્યકર્તા વ્યક્તિએ સોનગઢથી અને હિંદી ભાઈઓએ પોતાના ગામના મંદિર માટે ટોડરમલ સ્મારક ભવન, જયપુરથી અથવા સોનગઢથી આ કેલેન્ડર મેળવી લેવા વિનંતી છે આર્ટ કાર્ડના કેલેન્ડરની સાઈઝ ૨૨" ×૨૮" હોવાના કારણે પોસ્ટથી મોકલવામાં મુશ્કેલી જણાતાં ઉપરોક્ત વ્યવસ્થા કરવામાં આવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી મુંબઈ પધારવાના છે તે મંગળ પ્રસંગની ખુશાલીમાં નીમ્ફ લેબોરેટરી, મુંબઈવાળા શ્રી વસંતલાલભાઈ, શ્રી માણેકલાલભાઈ તથા શ્રી સુરેન્દ્રભાઈ તલાટી તરફથી જન્મજયંતી - અંકના અધિક પાનાના ખર્ચની પૂર્તિ નિમિત્તે રૂા. ૨૦૦૧/- ભેટ આપવમાં આવ્યા છે.

## ❀ અધ્યાત્મમૂર્તિ સદ્ગુરુદેવને શ્રદ્ધા-સુમન ❀

તુજ પાદપંકજ જ્યાં થયાં તે દેશને પણ ધન્ય છે,
એ ગામ-પુરને ધન્ય છે, એ માતકુળ જ વન્દ્ય છે;
તારા કર્યાં દર્શન અરે! તે લોક પણ કૃતપુણ્ય છે.
તુજ પાદથી સ્પર્શાઈ એવી ધૂલિને પણ ધન્ય છે.
તારી મતિ તારી ગતિ, ચારિત્ર લોકાતીત છે,
આદર્શ સાધુ તું થયો, વૈરાગ્ય વચનાતીત છે;
વૈરાગ્યમૂર્તિ, શાંતમુદ્રા, જ્ઞાનનો અવતાર તું,
ઓ દેવના દેવેન્દ્ર વ્હાલા! ગુણ તારા શું કથું?
અનુભવમહીં આનંદતો સાપેક્ષ દૃષ્ટિ તું ધરે,
દુનિયા બિચારી બાવરી તુજ દિલ દેખે ક્યાં અરે?
તારા હૃદયના તારમાં રણકાર પ્રભુના નામના.
એ નામ 'સોહં' નામનું, ભાષા પરા જ્યાં કામ ના.
અધ્યાત્મની વાતો કરે, અધ્યાત્મની દૃષ્ટિ ધરે,
નિજ દેહ-અણુ અણુમાં અહો! અધ્યાત્મરસ ભાવે ભરે;
અધ્યાત્મમાં તન્મય બની, અધ્યાત્મને ફેલાવતો,
કાયા અને વાણી-હૃદય, અધ્યાત્મમાં રેલાવતો.
જ્યાં જ્યાં તમારી દૃષ્ટિ ત્યાં આનંદના ઊભરા વહે,
છાયા છવા યે શાંતિની તું શાંતમૂર્તે! જ્યાં રહે;
અધ્યાત્મમૂર્તિ, શાંતમુદ્રા, જ્ઞાનનો અવતાર તું,
ઓ કહાનદેવ દેવેન્દ્ર વ્હાલા, ગુણ તારા શું કથું?

પૂજ્ય શ્રી કાનજી સ્વામી 卐 卐 卐



卐 卐 卐 ૮૮ મી જન્મ જયંતી

અહો ગુરુદેવ! આપના મુખકમળમાંથી ઝરતી વાણીની શી વાત! તે એવી અનુપમ-રસભરી છે કે તે દિવ્ય અમૃતનું પાન કરતાં તૃપ્તિ થતી નથી. આપની સૂક્ષ્મવાણી, ચમત્કાર ભરેલી વાણી ભવનો અંત લાવનારી છે. આપ ભરતના ભાનુ છો, આપ જેવા દિવ્ય પુરુષના અવતારથી ભરતક્ષેત્ર ભાગ્યશાળી બન્યું છે. હે ગુરુદેવ! આપ ‘યુગ યુગ જીવો’ એવી મંગલ કામના સાથે ભક્તિભાવે આપના ચરણકમળમાં કોટી-કોટી વંદન હો.

સમસ્ત મુમુક્ષુ સમાજ.

પ્રકાશક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) PIN: 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રતઃ ૩૩૫૦